CPS

# Core Quality Standards

(કોર ગુણવત્તા માપદંડો)

ક્રાઉન પ્રોસીક્યુશન સર્વિસ

માર્ચ ૨૦૧૦

Core Quality Standards
Gujarati edition, March 2010

# Core Quality Standards (કોર ગુણવત્તા માપદંડો)

ક્રાઉન પ્રોસીક્યુશન સર્વિસ

માર્ચ ૨૦૧૦

# પ્રસ્તાવના

કાઉન પ્રોસીક્યુશન સર્વિસ (CPS) એ ઇંગ્લેન્ડ અને વેલ્સની મુખ્ય જાહેર ફરિયાદ સેવા છે. જાન્યુઆરી 2010 માં, તેનું Revenue and Customs Prosecutions Office (રેવન્યુ એન્ડ કસ્ટમ્સ પ્રોસીક્યુશન ઓફિસ)(RCPO) સાથે વિલીનીકરણ થયું છે. .Director of Public Prosecutions (ડાયરેક્ટર ઓફ પબ્લીક પ્રોસીક્યુશન્સ) (DPP) સેવાના પ્રમુખસ્થાને છે જેઓ Revenue and Customs Prosecutions Office (રેવન્યુ એન્ડ કસ્ટમ્સ પ્રોસીક્યુશન ઓફિસ) ના પણ ડાયરેક્ટર છે. DPP (ડિપીપી) તેના કાર્યો સ્વતંત્ર રીતે, પણ જેઓ ફરિયાદ માંડવાની સેવાના કાર્ય માટે સરકારની જવાબદારી ધરાવે છે, તે સુપ્રીટેન્ડન્સ ઓફ ધી એટર્ની જનરલ (Superintendence of the Attorney General) ને આધીન રહીને કરે છે.

આ માપદંડોમાં, પ્રોસીક્યુટર્સ શબ્દનો ઉપયોગ ફરિયાદ સેવાના સભ્યોનું વર્ણન કરવા માટે થાય છે જેઓની Crown Prosecutors (કાઉન પ્રોસીક્યુટર્સ) તરીકે નિમણૂંક કરવામાં આવી છે; પ્રોસીક્યુટર્સ જેઓ RCPO ના સભ્યો છે; એસોસીએટ પ્રોસીક્યુટર્સ જેઓની Prosecution of Offences Act 1985 (પ્રોસીક્યુશન ઓફ ઓફેન્સીસ એક્ટ 1985) ની કલમ 7A હેઠળ નિમણૂક કરવામાં આવી છે જેઓ DPP દ્વારા જારી કરવામાં આવેલ સૂચનાઓ અન્વયે તેમની સત્તાનો ઉપયોગ કરે છે; અને RCPO ના અન્ય સભ્યો જેમની નિમણૂક DPP દ્વારા Director of the Revenue and Customs Prosecutions (ડાયરેક્ટર ઓફ ધી રેવન્યુ એન્ડ કસ્ટમ્સ પ્રોસીક્યુશન્સ) તરીકે Commissioners for Revenue and Customs Act 2005 (કમિશ્નર્સ ફોર રેવન્યુ એન્ડ કસ્ટમ્સ એક્ટ 2005) ની કલમ 39 અન્વયે તેમની ક્ષમતા અનુસાર કરવામાં આવી છે. અમારા વતી અંગત રીતે કોર્ટમાં કેસોનું સંચાલન કરનાર પ્રોસીક્યુટર્સ અને બેરીસ્ટર્સ અથવા સોલીસીટર્સનું વર્ણન કરવા માટે અમે એડવોકેટ શબ્દનો ઉપયોગ કરીએ છીએ.

અર્ધકાનુની કર્મચારીઓ જેઓ તેમના ચુકાદાઓ લાગુ કરવા માટે આવશ્યક ઘણું કાર્ય કરે છે તેઓ પ્રોસીક્યુટર્સને સહાય કરે છે, અને કેસોના વિકાસ પર ધ્યાન રાખવું, અન્ય એજન્સીઓ સાથે સહકાર સ્થાપવો, કેસ ફાઇલો સાથે આવક સાહિત્ય સરખાવવું અને દસ્તાવેજોની નકલ કરવા અને મોકલવા જેવા કાર્યો સંચાલન કર્મચારીગણ દ્વારા કરવામાં આવે છે.

આ માપદંડોમાં, Serious Organised Crime Agency (સીરીયસ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એજન્સી) અને UK Border Agency (યુકે બોર્ડર એજન્સી) સહિતની તમામ એજન્સીઓના સભ્યો જેઓ ફરિયાદ સેવા સમક્ષ કેસો તૈયાર કરે છે અને રજુ કરે છે તેમના માટે પોલીસ અથવા અન્ય તપાસકારો શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે.

અપરાધ થયો હોય તેના આક્ષેપ વિશે તપાસો સંચાલન કરવા માટે પોલીસ અને અન્ય તપાસકારો જવાબદાર છે. ખૂબ ગંભીર અને જટિલ કેસોમાં ગુનાહિત વ્યક્તિને અપરાધની સજા કરવી જોઇએ કે કેમ અને, જો એમ હોય, તો કયો અપરાધ હતો તેનો ચુકાદો પ્રોસીક્યુટર્સ કરે છે. અન્ય કેસોમાં, શંકાસ્પદ વ્યક્તિને સજા અથવા સમન્સ પાઠવે છે, પરંતુ કેસ ચાલુ રાખવો જોઇએ કે કેમ તે નક્કી કરવા માટે પ્રોસીક્યુટર્સ જવાબદાર છે. જોકે પ્રોસીક્યુશન સેવા પોલીસ અને અન્ય તપાસકારો સાથે નજીકથી કાર્ય કરે છે, તેમ છતાં તેમનાથી તે સ્વતંત્ર છે. પ્રોસીક્યુટર્સની સ્વતંત્રતા એ પ્રાથમિક રાજ્યબંધારણ મહત્વ ધરાવે છે.

ફરિયાદ સેવાના સભ્યો તટસ્થ, સ્વતંત્ર અને વાસ્તવિક છે. વંશીય અથવા રાષ્ટ્રિય ઉદ્દભવ, જાતિ, ખોડખાંપણ, વય, ધર્મ અથવા માન્યતા, રાજકિય મંતવ્યો, જાતિય વિકેન્દ્રીકરણ વિશેના પોતાના કોઇ વ્યક્તિગત મંતવ્યો અથવા શકમંદ વ્યક્તિ, પ્રતિવાદી, ભોગ બનનાર  અથવા કોઇ સાક્ષી ની જાતિય ઓળખને તેમના ચુકાદાઓ અથવા પગલાંઓ પ્રભાવિત કરશે નહીં. ફરિયાદ ચુકાદાઓ આપતી વખતે જાતિ, ખોડખાંપણ અને જાતિય સમાનતાને પ્રોત્સાહન  આપવા માટે જાહેર મંડળોના કાનુની નિયમોને પણ માન આપશે.

આ માપદંડોમાં, ઔપચારીક અપરાધી કાર્યવાહીઓના હજુ ગુનેગાર નથી તેવી વ્યક્તિના વર્ણન માટે શકમંદ શબ્દનો ઉપયોગ થાય છે; જેમના પર આરોપ અથવા હાજર હુકમ કરવામાં આવ્યો છે તે વ્યક્તિનું વર્ણન કરવા માટે પ્રતિવાદી શબ્દનો ઉપયોગ થાય છે; પોલીસ અધિકારી અથવા અન્ય તપાસકાર અથવા પ્રોસીક્યુટર સમક્ષ જેમણે પોતાનો અપરાધ સ્વીકાર્યો છે અથવા કોર્ટના નિયમોમાં જેઓ અપરાધી જણાયા છે તેમના માટે અપરાધી શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.

કોર ગુણવત્તા માપદંડો પુસ્તિકા એ ફરિયાદ સેવાના કાર્ય અને હેતુઓની સ્પષ્ટ કરતા બે મુખ્ય પ્રકાશિત અને જાહેર ઉપલબ્ધ દસ્તાવેજોમાંનો એક છે. બીજો દસ્તાવેજ એ Code for Crown Prosecutors (કોડ ફોર ક્રાઉન પ્રોસીક્યુટર્સ) છે. કોડ ફક્ત કાનૂન દ્વારા જારી થયેલ છે. સંયુક્ત રીતે, તેઓ જાહેર જનતાને જણાવે છે કે પ્રોસીક્યુટર્સ શું કરે છે; તેમના

નિર્ણયો તે કેવી રીતે લે છે; અને તેના કાર્યના દરેક મુખ્ય દ્રષ્ટિકોણમાં પૂરી પાડવામાં આવતી સેવાનું સ્તર જેના પ્રત્યે ફરિયાદ સેવા પ્રતિબદ્ધ છે.

આ પુસ્તકના છેલ્લા પૃષ્ઠ પર દર્શાવેલ સંપર્ક કેન્દ્રો પરથી Core Quality Standards (કોર ગુણવત્તા માપદંડો) પુસ્તિકા અને Code (કોડ) ઉપલબ્ધ છે.

# પરિચય

CPS અને RCPO ના પ્રાથમિક ભૂમિકા અને હેતુ જાહેર જનતાનું સંરક્ષણ કરવાના, ભોગ બનેલા અને સાક્ષીઓને સહાયક કરવા અને ન્યાય આપવા માટે છે.

**જાહેર જનતાનું સંરક્ષણઃ** પ્રોસીક્યુટર્સ તરીકે, અપરાધ ઘટાડવામાં અને જાહેર જનતાનું સંરક્ષણ કરવામાં અમે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવીએ છીએ. અમે જોઈ શકાય તેવા અને જવાબદાર; પ્રતિનિધિ અને વૈવિધ્યતાપૂર્વક કાર્ય કરીશું. અમે જે સમાજોની સેવા કરીએ છીએ તેની સાથે અમે ખુલ્લી અને નૈતિક રીતે કાર્ય કરીશું. જાહેર જનતાની ચિંતાઓને ધ્યાનમાં લઇ ને અમારા નિર્ણયો લેવામાં આવશે.

**ભોગ બનેલ અને સાક્ષીઓની સહાયઃ** અપરાધ ન્યાય પ્રક્રિયામાં તમામ સ્તરે અમે ભોગ બનેલ અને સાક્ષીઓની અસરકારક ભાગીદારીને ઉત્તેજન અને ટેકો આપશું.

**ન્યાય કરવોઃ** અમે ખાતરી કરીશું કે યોગ્ય સમયે ફરિયાદ વિશે યોગ્ય લોકો યોગ્ય નિર્ણયો લે. અમે તટસ્થ, યોગ્ય રીતે અને મક્કમ રીતે ખૂબ અસરકારક અને કાર્યક્ષમ રીતે અને પારદર્શક રીતે કરી અમે કાર્ય કરીશું જેથી ચુકાદો શા માટે લેવામાં આવ્યો છે તે જાહેર જનતા સમજી શકે. ન્યાય વ્યવસ્થા બને તેટલી અસરકારક અને કાર્યક્ષમ રહે તે માટે અમે મદદ કરીશું. ભોગ બનેલ, સાક્ષીઓ, શંકમદો અને પ્રતિવાદીઓ સહિત અમારા ચુકાદાઓથી પ્રભાવિત તમામના માનવ હક્કોનું અમે સંરક્ષણ કરીશું અને માન આપીશું.

# Core Quality Standards (કોર ગુણવત્તા માપદંડો)

પ્રોસીક્યુટર્સ તરીકે, જાહેર જનતા વતી અમે સત્તાનો ઉપયોગ કરીએ છીએ. તેમના વતી કાર્ય કરનાર તરફથી અપેક્ષીત હકદાર જાહેર જનતાને મળતી સેવાની ગુણવત્તા નક્કી કરતા **કોર ગુણવત્તા માપદંડો** જાહેર કરેલ છે, તેને સુસંગત અમે જાહેર સેવાઓ રજુ કરીએ છીએ. જે ફરિયાદ સેવા રજુ કરે છે તે તમામને આ લાગુ થાય છે.

ઉચ્ચ ગુણવત્તાયુક્ત પોતાની ફરજો બજાવતા પ્રોસીક્યુટર્સ પર આધારીત ભોગ બનેલ, સાક્ષીઓ, શંકમદો અને પ્રતિવાદીઓ પ્રત્યે માપદંડો મહત્વના છે. પોલીસ, કોર્ટ અને અન્ય અપરાધી ન્યાય એજન્સીઓ પણ માપદંડો સમજવા માંગશે કારણ કે તેઓ કાર્યક્ષમ અને અસરકારક સેવા રજુ કરવા માટે પ્રોસીક્યુટર્સ પર આધારીત છે. જાહેર જનતા અને પ્રોસીક્યુટર્સ પર દેખરેખ, તપાસ અને નિરીક્ષણ કરનાર ખાતરી મેળવવા માગતા હોય છે કે મહત્વની જાહેર સેવા રજુ કરતા આવશ્યક અને કાર્યક્ષમ અર્થોનું પ્રતિનિધિત્વ કરતા માપદંડોની ખાતરી માગશે અને પ્રોસીક્યુટર્સ પાસે તેમની રજુઆતની જવાબદારી માગશે.

કાર્ય કરવાની સારી પદ્ધતિ અને અમારા કાનુની અને વ્યવસાયિક બંધનોની રજુઆત માપદંડો કરશે. અમે Criminal Procedure Rules[1] (અપરાધ પ્રક્રિયા નિયમો[1]) સાથે સુસંગત રહીએ તેની ખાતરી કરવા માટે તેમની રચના કરવામાં આવી છે. અમે અન્ય પ્રોસીક્યુટર્સ અને અપરાધ ન્યાય કાર્ય કરનારાં સાથે પરામર્શ કર્યો છે. અમારી સમાજ સંલગ્ન પેનલોના મંતવ્યો અમે લીધાં છે અને માપદંડોને જાહેર જનતા માટે ઉપલબ્ધ બનાવ્યાં છે આથી જેઓ અમારી સાથે સંપર્કમાં આવે તેમનો અને વિસ્તૃત જાહેર જનતા, જેમને પ્રોસીક્યુટર્સની કાર્યક્ષમતામાં વિશ્વાસ બેસાડવો જરૂરી છે, તેમનો અનુભવ ધ્યાને લઇ શકીએ.

---

[1] ફરિયાદ પ્રક્રિયા દ્વારા કેસો ફરિયાદ પક્ષે અને પ્રતિવાદી પક્ષે કેવી રીતે તૈયાર કરવા જોઇએ અને કેસોનું સંચાલન કોર્ટમાં કેવી રીતે કરવું તેની સાથે કાર્ય કરતા Lord Chief Justice (લોર્ડ ચીફ જસ્ટીસ) દ્વારા આ નિયમો પ્રમાણિત છે.મીનીસ્ટ્રી ઓફ જસ્ટીસની વેબસાઇટ (www.justice.gov.uk) પર અથવા TSO Orders/Post Cash Department, The Stationery Office, PO Box 29, Norwich NR31GN પર તે ઉપલબ્ધ છે.

અમારા કાર્યના અત્યંત મહ્ત્વના ક્ષેત્રોનો સમાવેશ કરનાર માપદંડો જાહેર જનતા પર ગંભીર અસર ધરાવે છે. અમારા કેસકાર્યમાં અમે જે કંઇ કરીએ તે તમામની વિસ્તૃત સૂચિ માટેનો તેમનો હેતુ નથી. પ્રોસીક્યુટર્સ જે કાર્યો કરે છે અને ગુણવત્તાયુક્ત સેવાના ચોક્કસ અને સંક્ષિપ્ત અહેવાલો તેઓ નક્કી કરે છે.તેઓ ગુણવત્તાની કેન્દ્રવર્તી રેખાનું પ્રતિનિધિત્વ કરે છે જે ફરિયાદ સેવાઓના તમામ કર્યો દ્વારા રજુ થાય છે. તેમની અનુસાર વર્તન કરતા, અમારી સાથી એજન્સીઓ અને જાહેર જનતા સાથે હંમેશા વાજબી રીતે, આદરપૂર્વક અને વ્યવસાયિક રીતે અમારે વાર્તાલાપ કરવો જોઇએ જાહેર જનતા, ખાસ કરીને જે ફરિયાદ સેવાના સંપર્કમાં આવે છે, તેઓ અમારી પ્રકાશિત કાર્યક્ષમતા માહિતીની સાથે, અમે કેટલી સારી રીતે કાર્ય કરીએ છીએ તે માટે આ માપદંડોનો ઉપયોગ કરે તેવી અમે અપેક્ષા રાખીએ છીએ.

અપરાધના ખાસ પ્રકારો સાથે અમે કેવી રીતે કાર્ય કરીએ છીએ તે સહિત, અમારા કાર્યના તમામ દ્રષ્ટિકોણોનો સમાવેશ કરતા વિસ્તૃત દસ્તાવેજો માપદંડોને ટેકો આપે છે. અમારી વેબસાઇટ www.cps.gov.uk પર અથવા અરજી કરવાથી મોટાભાગના દસ્તાવેજો ઉપલબ્ધ છે (વધુ માહિતી માટે પાછળનું કવર જુઓ).

નોંધ કરવી આવશ્યક છે કે માપદંડોમાં  જેના ઉલ્લેખ કરવામાં આવેલા છે , તે અમુક દસ્તાવેજોના પ્રતિ ફરિયાદ સેવા ગુપ્તતાની ફરજ ધરાવે છે; ઉદાહરણ તરીકે, માપદંડ 2 માં નિર્ણયો કરવાના સંગ્રહો નક્કી કરવામાં આવ્યા છે.

પ્રકાશિત સેવા રજુઆત માપદંડોનો એક સેટ છે જે દરેક માપદંડની અપેક્ષીત કાર્યક્ષમતા નક્કી કરશે તેના દ્વારા પણ માપદંડો ને ટેકો આપે છે. ફરિયાદ સેવા દ્વારા દૈનિક સંગ્રહિત કાર્યક્ષમતાની માહિતીનો આ માપદંડો ઉપયોગ કરે છે. કોઇપણ નવાં કાર્યક્ષમતા માપદંડો ચોક્કસ અને ખર્ચ-પ્રભાવિત મૂલ્યાંકન પૂરું પાડે છે તેની ખાતરી કરવા માટે તેમનું સંભાળપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવશે. જાહેર જનતાને આ માપદંડોને સંબંધિત અમારી કાર્યક્ષમતાનો નિયમિત અહેવાલ અમે પૂરો પાડીશું.

ફરિયાદ સેવા પ્રત્યે માપદંડો પ્રાથમિક મહ્ત્વ ધરાવે છે. અમારા કાર્યોને વ્યવસ્થિત કરવામાં અને વ્યવસ્થા અને પ્રક્રિયાઓ જેઓ અમારા કાર્યને સહાય કરે છે તેમને યોજનાબદ્ધ કરવામાં અમને માર્ગદર્શન આપે છે. માપદંડોમાં દર્શાવેલ સેવાઓ પૂરી પાડવામાં જો અમે નિષ્ફળ જઇએ તો જાહેર જનતા અમારી પાસે જવાબ માંગે તેવી અમે અપેક્ષા રાખીએ છીએ, અને અમારી દ્રઢ ક્ષમતા દ્વારા આ ગુણવત્તા માપદંડો આવશ્યક રીતે રજુ કરવામાં પ્રોસીક્યુટર્સ તરીકે અમારી સફળતા અમે નક્કી કરીશું.

આ દસ્તાવેજના 12 માપદંડોમાં દરેકમાં અમારા ખાસ એક કાર્ય વિસ્તારનો સમાવેશ કરે છે. પૃષ્ઠ 6 અને 7 પર માપદંડોની સૂચિ જોવા મળે છે. પછીના પૃષ્ઠોમાં તેમની વિષયવસ્તુ દર્શાવવામાં આવી છે.

કોર ગુણવત્તા સેવાનું તેઓ અવિરત વર્ણન કરે છે કે કેમ તેની ખાતરી કરવા માટે અમારા માપદંડોની અમે નિયમિત સમીક્ષા કરીશું.  માપદંડો ઉપયોગી હોય તેવા વિસ્તૃત ક્ષેત્રોની અમે તપાસ કરીશું અને તેમનો અમે ઉમેરો પણ કરીશું.

## Core Quality Standards (કોર ગુણવત્તા માપદંડો)

**માપદંડ 1:** અપરાધનું અસરકારક સંચાલન કરવા અને ન્યાય માટે અપરાધીઓને લાવવામાં સહાય થાય તે માટે અમે અમે પોલીસ અને અન્ય તપાસકર્તાઓને સલાહ પૂરી પાડીશું.

**માપદંડ 2:** Code for Crown Prosecutors (કોડ ફોર ક્રાઉન પ્રોસીક્યુટર્સ) સાથે સુસંગત અમે સમયસર, અસરકારક અને યોગ્ય આરોપના નિર્ણયો લેશું.

**માપદંડ 3:** યોગ્યતા અનુસાર, ભોગ બનેલા માટે ઝડપી નુકશાન ભરપાઇ મેળવવા માટે અને પુનઃસ્થાપન માટે અથવા હુમલાખોરોને સજા આપવા માટે, ફરિયાદ પ્રક્રિયાના વિકલ્પ તરીકે અમે કોર્ટ-બહાર પતાવટનો ઉપયોગ કરીશું.

**માપદંડ 4:** ભોગ બનેલ અને જાહેર જનતા પર રહેલ જોખમને ખાસ ધ્યાને રાખી, યોગ્યતા અનુસાર પ્રતિવાદીઓ માટે જામીનનો અમે વિરોધ કરીશું.

**માપદંડ 5:** અમે અમારા તમામ કેસો ઝડપથી Criminal Procedure Rules (ક્રિમીનલ પ્રોસીજર રુલ્સ) સાથે સુસંગત રીતે તૈયાર કરીશું આથી વહેલી તકે ગુનાઇત દલીલ દાખલ કરી શકાય, અને તટસ્થ કાર્યવાહીઓ નિયત તારીખે થઇ શકે.

**માપદંડ 6:** અમે અમારા કેસો તટસ્થ અને દ્રઢતાપૂર્વક રીતે રજુ કરીશું.

**માપદંડ 7:** અમે ભોગ બનેલ અને સાક્ષીઓની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરીશું, તેમના કેસની પ્રગતિ વિશે જાણકારી આપીશું અને તેમના શ્રેષ્ઠ પુરાવાઓ આપવા માટે તેમને યોગ્ય સહાય કરીશું.

**માપદંડ 8:** અમે કેસો બંધ કરીએ અથવા આવશ્યક રીતે આરોપ બદલાવીએ ત્યારે ભોગ બનેલને અમારા નિર્ણયોની અમે સ્પષ્ટતા કરીશું.

**માપદંડ 9:** સજાની કાર્યવાહીમાં અમે કોર્ટને મદદ કરીશું અને ગુનાથી મેળવેલું જપત કરવાની કોશિશ કરીશું .

**માપદંડ 10:** કોર્ટે ખોટો કાનુની નિર્ણય આપ્યો છે એવું અમને જણાય ત્યારે અમે વિચારીશું કે અપીલના અમારા હક્કોનો ઉપયોગ કરવો કે કેમ.

**માપદંડ 11:** અમારા નિર્ણયો અને અમે જે સેવા પૂરી પાડીએ છીએ તેના વિશેની ફરિયાદો પર અને ઝડપથી અને ખુલ્લી રીતે કાર્ય કરીશું.

**માપદંડ 12:** અમે સમાજની સાથે ગૂંથાઈ જશું જેથી અમે નિર્ણયો કરીએ ત્યારે તેમના મુદ્દાઓ વિશે અમે સભાન રહીએ.

# માપદંડ 1

**અપરાધનું અસરકારક સંચાલન કરવા અને ન્યાય માટે અપરાધીઓને લાવવામાં સહાય થાય તે માટે અમે અમે પોલીસ અને અન્ય તપાસકર્તાઓને સલાહ પૂરી પાડીશું.**

1.1 જ્યારે અમને પૂછવામાં આવે ત્યારે અમે પોલીસ અને અન્ય તપાસકર્તાઓને સલાહ આપીએ છીએ, જે ઘણીવાર શંકમંદની ધરપકડ કરવા તેઓ તૈયાર હોય તે પહેલાં પણ હોઇ શકે છે. સામાન્ય રીતે આ મુજબના સંજોગોમાં થાય છેઃ

a) શકમંદ તરફથી જાહેર જનતાને કોઇ ખાસ પ્રકારના ગંભીર જોખમ રહેલું છે તેવું માનવામાં આવે તેવા કિસ્સામાં;

b) જ્યાં મહત્વના નિર્ણયોની આવશ્યકતા હોય કે જે કોર્ટમાં પુરાવાને કેવી રીતે ઉપયોગમાં લઇ શકાય તેની ઉપર અસર કરતા હોય;

c) જ્યાં ખાસ સમાજ અથવા લોકોનો સમૂહ અવિરત હુમલા અથવા ગેર-સામાજિક વર્તણૂક દ્વારા પ્રભાવિત થતુ હોય, અથવા

d) સામુદાયિક મનુષ્યવધ અથવા ચૂંટણીલક્ષી છેતરપીંડીં જેવા કિસ્સામાં, અસામાન્ય અથવા સંવેદનશીલ અપરાધ તપાસ હેઠળ હોય.

1.2 એક માન્ય ચોક્કસ સમયગાળામાં ઉચ્ચ ગુણવત્તા સલાહ આપવાનું અમે લક્ષ્ય ધરાવીએ છીએ.

1.3 સલાહ આપવામાં આવશે અથવા લેખિતમાં કારણો સાથે પુષ્ટિ કરવામાં આવશે અને, જ્યાં સંબંધિત હોય ત્યાં કાર્યવાહી પગલાંની સૂચિ આપવામાં આવશે.

1.4 અમે આ મુદ્દા પર સલાહ આપીએ છીએઃ

a) આરોપ માટેના શક્ય અપરાધો અથવા અપરાધ સાથે વ્યહવારના અન્ય ઉપાયો, જેથી તપાસ બરાબર અને અસરકાર રીતે ને કેન્દ્રિત કરી શકાય.

b) કેસને શક્યતઃ મજબૂત કરવા માટે તપાસની સંભવિત દિશાઓ;

c) પુરાવાની સંભવિત સ્વીકાર્યતા;

d) પુરાવા કેવી રીતે એકત્ર કરવા જોઇએ જેથી તે શ્રેષ્ઠ રીતે કોર્ટમાં રજુ કરી શકાય;

e) નિષ્ણાત પુરાવા માટે સંભવિત આવશ્યકતા;

f) ઉપયોગ ન કરેલું સાહિત્ય કેવી રીતે ભેગું કરીને વ્યવસ્થિત કરવું;

g) ગેર-સામાજિક વર્તણૂક આદેશો જેવા, આનુષંગિક આદેશો કરવા માટે સંભવિત કોર્ટને વિનંતી અને અરજીઓની સહાય માટે આવશ્યક પુરાવાનો સંગ્રહ;

h) સાક્ષીઓના સહકાર મેળવવા માટે અથવા પુરાવા મેળવવા માટે કોર્ટના આદેશ ખાસ માટે સત્તાનો ઉપયોગ જેને પ્રોસીક્યુટર્સની સંમતિની આવશ્યકતા હોય;

i) શકમંદનું પ્રત્યાર્પણ;

j) શકમંદની મિલકતો ટાંચમાં લેવી; અને

k) વિદેશમાંથી પુરાવા કેવી રીતે મેળવવા.

# માપદંડ 2

## Code for Crown Prosecutors[2] (કોડ ફોર ક્રાઉન પ્રોસીક્યુટર્સ) સાથે સુસંગત અમે સમયસર, અસરકારક અને યોગ્ય આરોપના નિર્ણયો લેશું.

2.1 ખુબ ગંભીર અને જટિલ કેસોમાં શકમંદને સજા કરવી કે કેમ તેના નિર્ણયો અમે લઇએ છીએ. નિર્ણયો લેવામાં, Code for Crown Prosecutors (કોડ ફોર ક્રાઉન પ્રોસીક્યુટર્સ) માં દર્શાવવામાં આવેલ તપાસો અને પરીક્ષણોને અમે લાગુ કરીએ છીએ. પોલીસ અને પ્રોસીક્યુટર્સ દ્વારા અનુસરવામાં આવતી વિસ્તૃત પ્રક્રિયાઓનું વર્ણન The Director's Guidance on Charging[3] (ધી ડાયરેક્ટર્સ ગાઇડન્સ ઓન ચાર્જીંગ) માં આપવામાં આવેલ છે.

2.2 માન્ય ચોક્કસ સમય મર્યાદાઓમાં અમારો નિર્ણય કરવાનો અને પોલીસ અને અન્ય તપાસકર્તાને જાણ કરવાનો અમે હેતુ ધરાવીએ છીએ.

2.3 આરોપના નિર્ણય માટેના કારણોની અમે નોંધ કરીએ છીએ, કોર્ટ સમક્ષ ફરિયાદ પ્રક્રિયા તેના કેસ કેવી રીતે મૂકશે અને કોઇ નબળાઇ અથવા સંભવિત પ્રતિકારો સાથે કેવી રીતે વર્તવું. અન્ય કોઇ આવશ્યક કાર્યો પણ અમે નક્કી કરીએ છીએ:

a) કેસને મજબૂત કરવા માટે કયા ચોક્કસ વિશેષ પુરાવાઓ રજુ કરવા જોઇએ, અથવા ગેર-સામાજિક વર્તણૂક આદેશો અથવા નિયંત્રણ આદેશો જેવા આનુષંગિક આદેશો માટે કેવી સહાયક અરજીઓ કરવી;

b) પ્રતિવાદીની મિલકતોની ટાંચ માટે કેસ યોગ્ય છે કે કેમ જેથી યોગ્ય સમયે પોલીસ આવશ્યક કાર્ય કરી શકે;

c) સાક્ષીઓની અનાવશ્યક હાજરી ટાળવા માટે પ્રતિવાદીએ પ્રતિવાદીની સંમતિ મેળવવા માટે એડવોકેટને કયા પુરાવા કોર્ટમાં રજુ કરવા જોઇએ;

---

[2] અમારી વેબસાઇટ (www.cps.gov.uk) પર અથવા વિનંતી કરવાથી (માહિતી માટે પાછળનું પૃષ્ઠ જુઓ) ઉપલબ્ધ છે.

3 અમારી વેબસાઇટ (www.cps.gov.uk) પર અથવા વિનંતી કરવાથી (માહિતી માટે પાછળનું પૃષ્ઠ જુઓ) ઉપલબ્ધ છે.

d) સાક્ષીઓની કોઇ ખાસ આવશ્યકતા હોય તો શોધવી અને, જો પહેલાંથી જાણ હોય, તેમની જરૂરિયાતો કેવી રીતે પૂર્ણ થશે તેની રૂપરેખા તૈયાર કરવી તે સહિત,હુમલાપાત્ર અથવા ધમકાવેલ સાક્ષીઓ તેમના પુરાવા અસરકારક રીતે આપી શકે તે માટે તેમને સક્રિય કરવા માટે કયા ખાસ માપદંડોની આવશ્યકતા છે;

e) જો પ્રતિવાદી કોર્ટમાં દોષી ન હોવાની દલીલ કરે તો કયા પુરાવાનો ઉપયોગ કરવા માટે કોર્ટની અનુમતિની આવશ્યકતા રહેશે (ઉદાહરણ તરીકે ખરાબ ચારિત્ર્ય પુરાવો અને પરંપરાશ્રવણ પુરાવો); અને.

f) ઉપયોગ ન કરેલી સામગ્રીની વિગતવાર નોંધો પર પહેલાંથી ઉપલબ્ધ કઇ માહિતીનો સમાવેશ કરવો જોઇએ.

2.4 સાક્ષીઓના પુરાવા અથવા જટિલ પુરાવાની શ્રેષ્ઠ સમજની વિશ્વસનીયતાના મૂલ્યાંકનમાં મદદરૂપ થઇ શકે તેવું માનવામાં આવે તેવા કિસ્સામાં , Code of Practice (યોગ્ય કોડ ઓફ પ્રેક્ટીસ) સાથે સુસંગત રીતે સાક્ષી સાથે કાર્યવાહી-પૂર્વે યોગ્ય ઇન્ટરવ્યુનું સંચાલન એક યોગ્ય તાલીમ પામેલ અને અધિકૃત પ્રોસીક્યુટરે કરવું જોઇએ.

2.5 અમે આમ પણ કરીએ છીએ:

a) જામીનગીરી વિરુદ્ધ હોવી જોઇએ કે કેમ તે નક્કી કરીએ છીએ અને, જો આમ હોય, કારણો, અથવા, જો યોગ્ય હોય, કઇ શરતો લાદવા માટે કોર્ટને એડવોકેટે પૂછવું જોઇએ;

b) પ્રોસીક્યુશનના વાંધાઓ હોય તે છતાં જો જામીનગીરી મંજુર થાય, તો અપીલ કરવાનો હક્ક છે કે કેમ અને એડવોકેટે તેનો ઉપયોગ કરવો જોઇએ કે કેમ તેનું સૂચન કરીએ છીએ;

c) કેસ પર મેજીસ્ટ્રેટને કાર્ય કરવાનું પૂછવા માટે યોગ્ય છે કે કેમ અથવા Crown Court (ક્રાઉન કોર્ટ) માં સોંપણી કરવાલાયક કેસ ગંભીર છે કે કેમ તેવું મેજીસ્ટ્રેટને એડવોકેટે પૂછવું જોઇએ તેની તપાસ કરીએ છીએ;

d) અપરાધની ગંભીરતા, ખાસ કરીને પરિસ્થિતિ ખરાબ કરનાર બાબતો હોય,તો તેને અનુરૂપ સજા કોર્ટ કરી શકે તેવી ખાતરી કરવાની સંભાળ લઇ કોઇ વૈકલ્પિક દોષ દલીલ, અથવા દલીલનો આધાર તૈયાર કરવો; અને

e) પ્રતિવાદીની સજાથી વિશેષમાં એડવોકેટે કોર્ટને પૂછવાલાયક કોઇ આદેશોની તપાસ કરવી.

2.6 જો આરોપપાત્ર ચુકાદો ન હોય, તો અપરાધની કઇ બાબતો પુરવાર થઇ શકી નહીં, આ માટેના કારણો, અથવા, યોગ્યતા અનુસાર, જાહેર હિતમાં ફરિયાદ શા માટે આવશ્યક નથી તેની રૂપરેખા પ્રોસીક્યુટર તૈયાર કરે છે.

# માપદંડ 3

## યોગ્યતા અનુસાર, ભોગ બનેલા માટે ઝડપી નુકશાન ભરપાઇ મેળવવા માટે અને પુનઃસ્થાપન માટે અથવા હુમલાખોરોને સજા આપવા માટે, ફરિયાદ પ્રક્રિયાના વિકલ્પ તરીકે અમે કોર્ટ-બહાર પતાવટનો ઉપયોગ કરીશું.

3.1 ફરિયાદ પ્રક્રિયાના ન્યાય માટે યોગ્ય પુરાવા છે એવો એક વખત નિર્ણય થઇ જાય, ત્યારબાદ અપરાધની ગંભીરતા અને પરિણામોની યોગ્ય, અને પુનઃસ્થાપન હેતુઓ, નુકશાન ભરપાઇ અથવા સજાના હેતુઓની પૂર્તિની ફરિયાદ પ્રક્રિયાના વિકલ્પ તરીકે કોર્ટની બહાર પતાવટ યોગ્ય છે કે નહિ તેનો અમારે વિચાર કરવો જોઇએ.

3.2 પોલીસ અને તપાસકર્તાઓ પોતાની રીતે કોર્ટની બહાર ચોક્કસ પતાવટનું સંચાલન કરતા હોય પણ, અપરાધ એટલો ગંભીર હોય કે જો આરોપ મુકવાન આવે તો તેનું સંચાલન માત્ર Crown Court (ક્રાઉન કોર્ટ)માં જ થઇ શકે તેના માટેનું સરળ સાવધાની  અપરાધીને રજુ કરતા પહેલાં, તેમને ફરિયાદ પ્રક્રિયાની સત્તાની આવશ્યકતા રહેશે.  માત્ર .અપવાદરૂપ કિસ્સામાં આ અપરાધો માટે અમે સાવધાનીઓને અધિકૃત કરીએ છીએ. જો અપરાધી સ્પષ્ટ રીતે તેનો અથવા તેણીનો દોષ અથવા વિચાર સ્વીકારે, ઉદાહરણ તરીકે, Penalty Notice for Disorder (પેનલ્ટી નોટિસ ફોર ડિસોર્ડર)નો મુદ્દો, હોય તેવા અન્ય કેસોમાં a simple caution[4] (સરળ સાવધાની) રજુ કરવા માટે અમે પોલીસને માર્ગદર્શન પણ આપી શકીએ.  Penalty Notice for Disorder (પેનલ્ટી નોટિસ ફોર ડિસોર્ડર)નો મુદ્દો, જોકે, પોલીસનો નિર્ણય છે.

3.3 શરતી સાવધાની રજુ કરતા પહેલાં પોલીસ અને તપાસકર્તાઓને પણ પ્રોસીક્યુટરની પ્રમાણિતતાની આવશ્યકતા રહેશે. શરતી સાવધાનીના કિસ્સામાં અમે શરતો નક્કી કરીએ છીએ જેનું અપરાધીએ પાલન કરવું ફરજિયાત છે.

---

[4] યુવાન હુમલાખોરને સરળ સાવધાની આપી શકાશે નહીં. તેમને, જો કે, ઠપકો અથવા અંતિમ ચેતવણી આપવામાં આવશે. સરળતા માટે, અમે આ માપદંડોમાં સાવધાનીનો શબ્દનો ઉપયોગ આ નિયમપાલનની વિચારણા માટે કરીએ છીએ. યુવાન હુમલાખોરને શરતી સાવધાની આપી શકાશે.

3.4 સરળ સાવધાની કે શરતી સાવધાની રજુ કરવી તેનો નિર્ણય લેતા, Code for Crown Prosecutors (કોડ ફોર ક્રાઉન પ્રોસીક્યુટર્સ) માં દર્શાવેલ જાહેર હિતને અમે ધ્યાને લેશું, ખાસ કરીને કોઇ ભોગ બનેલના મંતવ્યો, અને Director's Guidance on Conditional Cautioning (ડાયરેક્ટર્સ ગાઇડન્સ ઓન કન્ડીશન્લ કૌશનીંગ) અને સંલગ્ન (Home Office Circulars) હોમ ઓફિસ સરક્યુલર્સ.

3.5 શરતી સાવધાની રજુ કરવી કે કેમ તેનો નિર્ણય લેતા, અમે આ બાબતો પણ ધ્યાને લઇએ છીએઃ

a) અપરાધીને કોર્ટમાં લાવવાને બદલે બાબતો યોગ્ય કરવા માટે અપરાધી માટે કોઇ તક છે કે કેમ. ઉદાહરણ તરીકે, તેઓ નુકશાની માટે ચૂકવણી કરે, અથવા તેમનો ભોગ બનેલને ભરપાઇ કરે;

b) તેમના અપરાધના ગર્ભિત કારણ (જેમ કે આલ્કોહલો અથવા ડ્રગ સેવન) જેનાથી અપરાધો કરતા તેમને અટકાવી શકાય તેના વિશે કાર્ય કરવામાં સહાયક કાર્યક્રમમાં હાજર રહેવાની આવશ્યકતા છે કે કેમ;

c) શકમંદ, ભોગ બનેલ અથવા સમાજના હિતોમાં તે છે કે કેમ; અને

d) અપરાધીને નાણાંકીય ચૂકવણી કરાવી અથવા બિનચૂકવેલ કામ કરાવવું.

3.6 હિંસાના અપરાધ માટે શરતી સાવધાની પ્રમાણિત થઇ શકશે નહીં સિવાય કે કેસ સામાન્ય હોય અને, સજાપાત્ર કિસ્સામાં, માત્ર મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલતો હોય.

3.7 જો શકમંદ સામાન્ય સાવધાની સ્વીકારવામાં નિષ્ફળ જાય અથવા જ્યારે શરતી સાવધાની રજુ કરવામાં આવે અને તેની શરતોને સંમત થાય ત્યારે દોષ સ્વીકારે નહીં, તેને અથવા તેણીની મૂળ અપરાધ માટે કાર્યવાહી કરવી ફરજિયાત છે.

3.8 અપરાધી કોઇ કોર્ટ બહારની પતાવટ માટેની શરતોનું પાલન કરે નહીં, તો અમે જાહેર હિતની ફેરવિચારણા કરીશું અને તેને અથવા તેણીને સજા કરવી કે નહીં તેનો નિર્ણય લેશું. સામાન્ય રીતે ફરિયાદ પ્રક્રિયા મૂળ અપરાધ માટે થવી જોઇએ.

3.9 બાદમાં જો અપરાધી કોઇ વધુ અપરાધ માટે દોષી સાબિત થાય તો અમે સામાન્ય સાવધાનીઓ અને શરતી સાવધાનીઓ કોર્ટના ધ્યાને લાવી શકીએ.

# માપદંડ 4

## ભોગ બનેલ અને જાહેર જનતા પર રહેલ જોખમને ખાસ ધ્યાને રાખી, યોગ્યતા અનુસાર પ્રતિવાદીઓ માટે જામીનનો અમે વિરોધ કરીશું

4.1 લગભગ તમામ પ્રતિવાદીઓ જામીનગીરી મેળવવાનો હક્ક ધરાવે છે, સિવાય કે જામીનગીરી પરત કરવા માટેના એક અથવા વધુ ચોક્કસ સંખ્યામાં કારણો સાબિત[5] કરી શકાય.

4.2 દરેક સુનાવણી સમયે, જામીનગીરીનો વિરોધ કરવાના કોઇ કારણો છે કે કેમ, અથવા પ્રતિવાદીની જામીનગીરી પર શરતો લાદવા માટે કોર્ટને કહેવું કે કેમ તે બાબતો એડવોકેટ ધ્યાને લે છે.

4.3 આ નિર્ણય લેતી વખતે અમે આ બાબતો ધ્યાને લઇએ છીએઃ

a) શું અપરાધ મર્યાદિત સંખ્યામાંનો છે કે જેમાં પ્રતિવાદીની જામીનગીરી મંજુર થાય તે પહેલાં કોઇ અપવાદરૂપ સંજોગો હોવા જોઈએ;

b) પ્રતિવાદીની સામે પુરાવાનો પ્રકાર અને મજબૂતી;

c) તેની અથવા તેણી પર આરોપ મુકવામાં આવ્યો હોય તે અપરાધની ગંભીરતા

d) જામીનગીરી સાથેની તેની અથવા તેણીની સુસંગતતાના ઇતિહાસ સહિત, પ્રતિવાદીની ભૂતકાળના ચુકાદાઓ;

e) અન્ય અપરાધો માટે પ્રતિવાદી પહેલાંથી જ જામીનગીરી પર હોય;

f) સમાન પ્રકારની ફરિયાદોનો કોઇ ઈતિહાસ;

---

[5] ત્રણ મુખ્ય આધારો છે, પ્રતિવાદી, જો જામીનગીરી આપવામાં આવે, તો આ મુજબ વર્તણૂક માટે માનવાના આવશ્યક આધારો તરીકે સાર કરી શકાયઃસ્વયં અથવા અન્ય કોઇ વ્યક્તિના સંબંધમાં અટકાયતના સમર્પણમાં નિષ્ફળ; જામીનગીરી દરમિયાન કોઇ અપરાધ કરવો; અથવા સાક્ષીઓ સાથે હસ્તક્ષેપ અથવા ન્યાયકાર્યમાં અડચણ.

g) સાક્ષીઓ અથવા પુરાવા સાથે પ્રતિવાદીની સંભવિત દખલ કરવાની કોઇ માહિતી; અને

h) પ્રતિવાદી વિષે બીજું કંઇપણ, જેમ કે પોલીસ સ્ટેશન ખાતે ડ્રગ ટેસ્ટના પરિણામો.

4.4 સુનાવણી સમયે, જામીનગીરી પર હોય તેવા પ્રતિવાદી વિશે ભોગ બનેલ વ્યક્તિએ ઉઠાવેલ કોઇ મુદ્દાઓ સહિત, એડવોકેટ ચોક્કસ આધાર તૈયાર કરે છે અને દરેક કારણોને સહાયક ઉપલબ્ધ માહિતી તૈયાર કરે છે જેના પર અમે જામીનગીરીનો વિરોધ કરીએ છીએ અને નિયંત્રણોની સજા માંગીએ છીએ.

4.5 જામીનગીરીની મંજુરી સામે ફરિયાદ પ્રક્રિયા અપીલનો હક્ક ધરાવતી હોય તેવા કિસ્સામાં (જ્યાં અપરાધ જેલની સંભવિત સજાપાત્ર હોય), અમે પહેલાંથી જ નક્કી કરીએ છીએ કે જો મેજીસ્ટ્રેટ જામીનગીરી મંજુર કરે તો ભોગ બનેલ વ્યક્તિ અથવા જાહેર જનતા પરના જોખમ જામીનગીરી ની વિરુદ્ધ અપીલ ઉચિત ઠરાવે છે કે કેમ.  કોઇ કેસમાં જો મેજીસ્ટ્રેટ જામીનગીરી મંજુર કરે જ્યાં અમે નક્કી કરેલ હોય કે તે  સામે અપીલ યોગ્ય છે, એડવોકેટ તુરંત જ કોર્ટને નોટિસ આપશે કે અમે અપીલ કરવા માગીએ છીએ, આથી અપીલની સુનાવણી ન થાય ત્યાં સુધી પ્રતિવાદીને અટકાયતમાં રાખી શકાય.

4.6 જામીનગીરી રોકવા અથવા મેજીસ્ટ્રેટ દ્વારા જામીનગીરીની શરતો લાદવા માટે પ્રતિવાદીઓ ન્યાયધીશ સમક્ષ અપીલ કરવાનો હક્ક ધરાવે છે. અમે કોઇપણ અપીલ સુનાવણીનો વિરોદ્ધ  હાથ પર લઇએ છીએ અથવા યોગ્ય શરતોનો સુજાવ કરી શકીએ છે જો ન્યાયધીશ જામીનગીરી મંજુર કરવાનો ઇરાદો ધરાવતા હોય અથવા વર્તમાન શરતો બદલાવવા માગતા હોય.

4.7 પ્રતિવાદીને તેની અથવા તેણીની જામીનગીરી શરતોના ભંગ બદલ કોર્ટમાં પરત લાવવામાં આવે અથવા કોઈ પોલીસ અધિકારીને થાય કે તેની અથવા તેણીની જામીનગીરી શરતોનો સંભવિત ભંગ થશે, તો તેની અથવા તેણીની જામીનગીરી પાછી ખેંચવી અથવા શરતોમાં ફેરફાર કરવો કે કેમ તેના વિશે મેજીસ્ટ્રેટ્સ સમક્ષ એડવોકેટ રજુઆતો કરશે.

4.8 કેસ ફાઇલ પર એડવોકેટ વિસ્તૃત નોંધ કરે છે કે અમે જામીનગીરીનો વિરોધ કરેલ છે કે કેમ અને, જો આમ હોય, જામીનગીરીનો વિરોધ કરવા માટે અથવા શરતો મેળવવા, અને તેમના વિશે પ્રતિવાદી દ્વારા કોઇ રજુઆતો કરવામાં આવી હોય તેની રજુઆત કરીએ છીએ. બદલાયેલ સંજોગો જે જામીનગીરીની મંજુરી અથવા કોઇ જામીનગીરી શરતોમાં રાહતનો બચાવ કરશે, અને સજા(ઓ)ના સંભવિત આરોપો ઓળખવા માટે કોઇ બાદનું સૂચન સાથે કાર્ય માટે અમને મદદ કરે છે.

# માપદંડ 5

**અમે અમારા તમામ કેસો ઝડપથી Criminal Procedure Rules[6] (ક્રિમીનલ પ્રોસીજર રુલ્સ) સાથે સુસંગત રીતે તૈયાર કરીશું આથી વહેલી તકે ગુનાઇત દલીલ દાખલ કરી શકાય, અને તટસ્થ કાર્યવાહીઓ નિયત તારીખે થઇ શકે.**

## મેજીસ્ટ્રેટની કોર્ટમાં કેસની પ્રથમ સુનાવણી

5.1 તમામ પ્રતિવાદીઓ તેમની પ્રથમ રજુઆત મેજીસ્ટ્રેટની કોર્ટમાં કરે છે.

5.2 આ બાબતો દ્વારા એડવોકેટ્સ પ્રથમ સુનાવણી માટે તૈયારી કરે છેઃ

a) કેસમાં કોઇ વિશેષ ફેરતપાસણીની આવશ્યકતા છે કે કેમ અને આરોપનો નિર્ણય અને સૂચનાઓની વિચારણા;

b) પોલીસ દ્વારા કેસનો હવાલો સંભાળવામાં આવ્યો હોય તેવા કિસ્સામાં, આરોપો યોગ્ય હોય અને સાબિત કરી શકાય તેમ હોય, અને જાહેર હિતમાં ફરિયાદ પ્રક્રિયા આવશ્યક છે તે બાબતની તેઓ ખાતરી કરશે;

c) પોલીસ દ્વારા જામીનગીરી રોકવામાં આવી હોય, અટકાયતમાં પોલીસ સોંપણી મેળવવી અથવા પ્રતિવાદીની જામીનગીરીમાં યોગ્ય શરતો લાગુ કરવામાં આવે તેનો નિર્ણય કરવો;

d) જામીનગીરીનો વિરોધ કરવા અથવા દાખલ કરવામાં આવેલ જામીનગીરી શરતોની કોર્ટમાં કરવામાં આવતી કોઇ રજુઆતો તૈયાર કરવી;

e) કેસમાં વિકાસ થઇ શકશે કેમ તેની ખાતરી કરવા અને કોઇ બિનઆવશ્યક મોકૂફી ટાળવા માટે પગલાં લેવાં જેમકે  ફરિયાદ કેસની પ્રાથમિક માહિતી કોર્ટને પ્રાપ્ત થઇ છે તે ખાતરી કરવી.

[6] ફરિયાદ પ્રક્રિયા દ્વારા કેસો કેવી રીતે તૈયાર કરવા જોઇએ અને કેસોનું સંચાલન કોર્ટમાં કેવી રીતે કરવું તેની સાથે કાર્ય કરતા Lord Chief Justice (લોર્ડ ચીફ જસ્ટીસ) દ્વારા આ નિયમો પ્રમાણિત છે.મીનીસ્ટ્રી ઓફ જસ્ટીસની વેબસાઇટ (www.justice.gov.uk) પર અથવા TSO Orders/Post Cash Department, The Stationery Office, PO Box 29, Norwich NR31GN પર તે ઉપલબ્ધ છે.

5.3 કોર્ટ શરૂ થાય તે પહેલાં વહેલાસર, કોર્ટના કાનુની સલાહકાર, પ્રતિવાદીના સોલીસીટર્સ અને Probation Service (પ્રોબેશન સર્વિસ) અથવા Youth Offending Service (યુથ ઓફેન્ડીંગ સર્વિસ) ના અધિકારીઓને મળવા માટે એડવોકેટ્સ હાજર હોય છે જેથી દોષીત દલીલમાં કદાચ પરિણમતા કેસોને ઓળખી શકાય આથી, શક્ય હોય ત્યાં, તે જ દિવસે વધુ હાજરી આપ્યાં વિના અપરાધીને સજા આપવા માટે કોર્ટને સક્ષમ કરવા સજા-પૂર્વેના અહેવાલો તૈયાર કરી શકાય.

5.4 જ્યારે પ્રતિવાદી ગુનો કબૂલ કરે છે ત્યારે એડવોકેટ આ મુજબ કાર્યવાહી કરશેઃ

a) યોગ્યતા અનુસાર, કોઇ દ્રશ્ય રેકોર્ડેડ સાહિત્ય અને Victim Personal Statement (વિક્ટીમ પર્સનલ સ્ટેટમેન્ટ) સહિત કેસની હકિકતોની રૂપરેખા મેજીસ્ટ્રેટ સમક્ષ મૂકશે આથી અપરાધની ગંભીરતા દર્શાવતી સજા તેઓ કરી શકે;

b) કોઇ પહેલાંના ચુકાદા પ્રત્યે ધ્યાન દોરશે અને, યોગ્યતા અનુસાર, અપરાધી સામે નોંધેલ સરળ સાવધાનીઓ અથવા શરતી સાવધાનીઓ સામે ધ્યાન દોરશે[7];

c) કોઇ સજા અથવા આદેશ જે કાયદા દ્વારા કરવો આવશ્યક હોય તે સહિત, તેની સજાની સત્તાઓ માટે કોર્ટ સજાગ છે કે કેમ તેની ખાતરી કરે છે; અને

d) વળતર અથવા કોઇ ગેર-સામાજિક વર્તણૂક આદેશ અથવા અટકાયત આદેશ જેવા કોઇ યોગ્ય આનુષંગિક આદેશો જે ભવિષ્યમાં અપરાધીની અપરાધ કરવાની ક્ષમતાને નિયંત્રિત કરી શકે તેના વિશે કોર્ટને વિચારણા કરવા માટે કહેશે. માપદંડ 9 માં સજા પ્રક્રિયામાં પ્રોસીક્યુટરની ભૂમિકા વિશે અમે વધુ જણાવીએ છીએ.

5.5 સજા માટે Crown Court (ક્રાઉન કોર્ટ)ને અપરાધીની સોંપણી મેજીસ્ટ્રેટ કરે છે (કારણ કે તેઓ માને છે કે તેઓ જે સજા કરશે તે અપર્યાપ્ત છે), ત્યારે અમે પુરાવાની નકલો અને કોઇ ચુકાદાઓની, Crown Court (ક્રાઉન કોર્ટ) સમક્ષ પ્રતિવાદી સાથે નોંધવામાં આવેલ સરળ સાવધાનીઓ અથવા શરતી સાવધાનીઓની સૂચિ મોકલીએ છીએ આથી ન્યાયધીશ સજાકીય સુનાવણી માટે તૈયારી કરી શકે.

5.6 પ્રતિવાદી સૂચન કરે કે તે અથવા તેણી અપરાધી ન હોવાની દલીલ કરવા માગે છે, અને કેસ મેજીસ્ટ્રેટની કોર્ટ અથવા Crown Court (ક્રાઉન કોર્ટ)માં ચાલી શકે તેમ હોય, તેમના કાર્ય માટે કેસ યોગ્ય છે કે કેમ તેવી ફરિયાદ ધ્યાન પર લેવા એડવોકેટ કોર્ટને જાણ કરશે, અથવા ગંભીર હોય તો કાર્યવાહી માટે તેની સોંપણી Crown Court (ક્રાઉન કોર્ટ)ને કરવી જોઇએ.

5.7 જો મેજીસ્ટ્રેટની કોર્ટમાં કેસ ચલાવવામાં આવે, તો એડવોકેટ આ મુજબ કાર્ય કરે છે:

a) પ્રતિવાદીના એડવોકેટ સાથે ચર્ચા કરશે કે સંલગ્ન સાક્ષીઓને કોર્ટમાં હાજર રહેવાની જરૂરિયાત વિના કયા પુરાવા સંમત થઇ શકશે;

b) જે મુદ્દાઓ પર કાર્યવાહી કરવાની છે તેમનો પરિચય આપવામાં કોર્ટને મદદ કરવી;

c) ફરિયાદી સાક્ષીઓ માટે અનુકૂળ ન હોય તેવી કાર્યવાહીની તારીખો માટે કોર્ટ વાકેફ છે તેની ખાતરી કરવી;

d) સાક્ષીઓને તેમના પુરાવા અસરકારક રીતે આપવામાં મદદ કરી શકાય અને ખરાબ ચારિત્ર્ય અથવા પરંપરાશ્રવણ પુરાવાનો ઉપયોગ ધ્યાને લાવી શકાય તે માટે ઘટતા પગલાં માટેની અરજીઓ સહિત, કાર્યવાહીની તૈયારી માટેના ટાઇમટેબલના સૂચનો આપવા માટે કોર્ટને પૂછવું; અને

e) કાર્યવાહી માટે તૈયાર કરવા અને આમ કરવા માટે સમયબંધનો જાળવવા માટે કયુ વિશેષ કાર્ય કરવાની પ્રોસીક્યુશનને આવશ્યકતા રહેશે તેની નોંધ કરવી.

5.8 જો કેસ Crown Court[7] (ક્રાઉન કોર્ટ)માં મોકલવામાં આવ્યો હોય, અથવા મેજીસ્ટ્રેટ નક્કી કરે કે તે ખૂબ ગંભીર છે અને તેની કાર્યવાહી Crown Court (ક્રાઉન કોર્ટમાં) થવી જોઇએ, અથવા પ્રતિવાદી પસંદગી કરે કે કાર્યવાહી

[7] અમુક અતિ ગંભીર કેસો પર કાર્યવાહી માત્ર Crown Court (ક્રાઉન કોર્ટ) માં જ થઇ શકશે. સોંપણી પ્રક્રિયા માટેની આવશ્યકતા વિના ખાસ પ્રક્રિયા હેઠળ મેજીસ્ટ્રેટની કોર્ટ દ્વારા તેને ત્યાં ઝડપથી મોકલવામાં આવે છે.

Crown Court (ક્રાઉન કોર્ટ) માં થવી જોઇએ તેવા કેસમાં તેને અથવા તેણીને આમ કરવાની અનુમતિ હોય, તો આગામી સુનાવણી માટેના આવશ્યક કાર્ય પૂર્ણ કરવા માટે અમને અને પોલીસ અથવા અન્ય તપાસકર્તાઓને કેટલા સમયની આવશ્યકતા છે તેના અનુમાન દ્વારા આગામી સુનાવણી માટેની તારીખ નક્કી કરવામાં અમે મેજીસ્ટ્રેટની મદદ કરીએ છીએ.

## મેજીસ્ટ્રેટની કોર્ટમાં કાર્યવાહી માટે તૈયારી કરવી અથવા કાર્યવાહી સોંપણી અને પ્રથમ Crown Court (ક્રાઉન કોર્ટ) માં મોકલવામાં આવેલ કેસોની પ્રથમ સુનાવણી

5.9 મેજીસ્ટ્રેટની કોર્ટમાં પ્રતિવાદીની અપરાધી નથી તેવી દલીલ પછી અથવા સોંપણી પ્રક્રિયા માટે કેસ મોકૂફ રાખવામાં આવે અથવા Crown Court (ક્રાઉન કોર્ટ)માં મોકલવામાં આવે ત્યારબાદ, શક્ય તેટલી ઝડપથી અમે નિર્ણય કરીએ છીએ કે કેસમાં આગામી સુનાવણી માટે કયા વિશેષ પગલાં આવશ્યક છે.

5.10 ચોક્કસ સમય મર્યાદામાં, અમે પોલીસ અથવા અન્ય તપાસકર્તાને આ મુજબ પૂછપરછો કરીએ છીએ:

a) પુરાવા ધરાવતી ફાઇલ અને તપાસ પ્રક્રિયા દરમિયાન એકત્ર કરવામાં આવેલ અન્ય સાહિત્ય અમને મોકલવું અને મૂળ સજા નિર્ણયમાં કોઇ બાકી પગલાં પૂર્ણ કરવા;

b) કોર્ટને સમજવા માટે કેસ સરળ બનાવવા માટેના આયોજન અથવા ફોટોગ્રાફ સહિત, કોઇ આવશ્યક વિશેષ પુરાવા અથવા આવશ્યક માહિતી આગામી સુનાવણી માટે અમને મોકલવી;

c) પહેલાંની કોર્ટ સુનાવણીમાં જાણમાં આવેલ અન્ય કોઇ ચોક્કસ કાર્ય કરવું; અને

d) તપાસક્રિયા દરમિયાન એકત્ર કરવામાં આવેલ સંલગ્ન ઉપયોગ ન કરી હોય તેવી સામગ્રીની વિગતવાર નોંધ અને મોકલવી જેથી પ્રતિવાદી સમક્ષ કોઇ સાહિત્ય અથવા માહિતી જે ફરિયાદ કેસને નુકસાનકારક હોય અથવા પ્રતિવાદી કેસને સહાયક હોય તેને પ્રગટ કરવાની અમારી કાનુની ફરજ અમે બજાવી શકીએ.

5.11 મેજીસ્ટ્રેટની કોર્ટમાં કેસની કાર્યવાહી કરવાની હોય તેવા કિસ્સામાં, ચોક્કસ સમયમર્યાદામાં અમે Witness Care Unit (વિટનેસ કેર યુનિટ)ને પૂછીએ છીએ કે સાક્ષીઓને જણાવે અને કાર્યવાહી પહેલાં કોર્ટમાં તેઓને કઇ મદદની આવશ્યકતા રહેશે તેની ચર્ચા કરે. ક્રાઉન કોર્ટ કેસોમાં, પ્રતિવાદની અપરાધી ન હોવાની દલીલ બાદ આમ કરવા માટે અને તેમને કહીએ છીએ.

5.12 ઉપલબ્ધ પ્રતિવાદી તરફથી પત્રો, પોલીસ અથવા અન્ય તપાસકર્તાઓ અને પ્રતિનિધિઓ દ્વારા કોઇ નવું સાહિત્ય રજુ કરવામાં આવેલ હોય તો તેની પર ચોક્કસ સમયમર્યાદામાં કાર્ય કરવાનું અમે લક્ષ્ય ધરાવીએ છીએ.

5.13 કાર્યવાહી, સોંપણી અથવા પ્રથમ Crown Court (ક્રાઉન કોર્ટ) સુનાવણી માટે કેસ તૈયાર કરતી વખતે, અમે આ મુજબ પગલાં લઇએ છીએઃ

a) ચુકાદાની વાસ્તવિક સંભાવના પૂરી પાડવા માટેના પર્યાપ્ત પુરાવા છે કે કેમ અને જાહેર હિતમાં હજુ ફરિયાદની આવશ્યકતા છે કે કેમ, તેનું મૂલ્યાંકન કરીએ છીએ અને પ્રથમ કેસ મૂકવામાં આવ્યો હતો ત્યારથી શું ફેરફારો થયા છે તેની પ્રોસીક્યુટર દ્વારા તપાસ કરાવીએ છીએ;

b) કેસને મજબૂત કરવા માટે વિશેષ પુરાવાની આવશ્યકતા છે કે કેમ તેનો નિર્ણય લઇએ છીએ;

c) આરોપીત અપરાધ પર કાર્યવાહી થઇ શકે તેમ ન હોય, તો સાબિત કરી શકાય તેવા અન્ય વૈકલ્પિક અપરાધ અને જાહેર હિતમાં ફરિયાદની આવશ્યકતા હોય તેની વિચારણા કરીએ છીએ;

d) બધા જ સિવાય કે સરળ કેસો માટે એડવોકેટ માટે નોંધ તૈયાર કરવી, જેમાં આપવામાં આવશે કે પુરાવાની મજબૂતી અને નબળાઇ સહિત અપરાધના દરેક તત્વનો પુરાવો કેવી રીતે થશે, પ્રતિવાદીનો સંભવિત બચાવની સાથે કેવી રીતે કાર્ય કરવું અને જાહેર હિત માટે ફરિયાદ હજી જરૂરી છે કે નહિ.

e) અપરાધની ગંભીરતાને અનુરૂપ સજા કોર્ટ કરી શકે તેવી ખાતરી કરવાની સંભાળ લઇ કોઇ સ્વીકૃત વૈકલ્પિક દોષ દલીલ, અથવા દલીલનો આધાર તૈયાર કરવો;

f) અમે જેના પર ભરોસો મૂકી શકીએ તેવા કોઇ વધારાના પુરાવાની પ્રતિવાદી નકલો રજુ કરવી;

g) જો કરવામાં આવેલ ન હોય, તો સાક્ષીઓને તેમના પુરાવા અસરકારક રીતે રજુ કરી શકવા માટે સક્ષમ કરી શકાય તેવા ઘટતા પગલાં માટે લેખિત અરજીઓ અથવા નોટિસો તૈયાર કરવી અને કોર્ટની અનુમતિની આવશ્યકતા હોય તેવા કોઇ પુરાવાનો ઉપયોગ માટે અનુમતિ લેવી;

h) પ્રતિવાદી સમક્ષ કોઇ વણવપરાયેલ સાહિત્યને પ્રગટ કરવું કે કેમ તેનો નિર્ણય કરવો કારણકે તે ફરિયાદ કેસ નબળો પાડે અથવા પ્રતિવાદી કેસને સહાય કરે;

i) ફરિયાદ કેસ નબળો પાડે અથવા પ્રતિવાદી કેસને સહાય કરે તેવું કોઇ સાહિત્ય સંવેદનશીલ હોય તો તે અટકાવી શકાય છે કે કેમ તે કોર્ટને પૂછવાનો નિર્ણય કરવો;

j) તમામ સામાન્ય અસંવેદનશીલ વણવપરાયેલ સાહિત્ય જેની પર વિચારણા કરેલી હોય તેની વિગતવાર નોંધ અને તેની સાથે પ્રગટ કરવાના હોય તે સાહિત્યની નકલો અથવા તેની ક્યાં તપાસ થઇ શકે તેની સૂચના પ્રતિવાદીને મોકલવી. આ વિશે વિસ્તૃત માહિતી આ માપદંડના 19 થી 25 પેરેગ્રાફમાં આપેલ છે.

k) જો પ્રતિવાદી ભોગ બનેલ હોય તો સજા સુનાવણી સમયે ઉપયોગમાં લેવામાં આવતુ Victim Personal Statement (વિક્ટીમ પર્સનલ સ્ટેટમેન્ટ) તૈયાર કરવાની ભોગ બનેલને તક આપવામાં આવી છે તેની ખાતરી કરીએ છીએ;

l) જ્યાં શક્ય હોય, સાક્ષી પુરાવા આપે તે પહેલાં તેમની યાદશક્તિ તાજી કરવા માટે કાર્યવાહી પહેલાં કોર્ટ સમક્ષ રેકોર્ડીંગ જોવા માટે તેમની વિડીયો-રેકોર્ડીંગ દર્શાવવામાં આવે તેની વ્યવસ્થા કરીએ છીએ; અને

m) સાક્ષીઓની કોઇ અન્ય જરૂરિયાતો પર કાર્ય કરવામાં આવ્યું છે અને સાક્ષીઓને કોર્ટમાં હાજર રહેવા માટે યોગ્ય પગલાં લેવામાં આવ્યાં છે તેની ખાતરી કરવા માટે તપાસ કરીએ છીએ.

5.14 બને તેટલી ઝડપથી બાકી બાબતો પર જવાબ આપવા માટે અમે પોલીસ અને અને તપાસકર્તાઓ અને પ્રતિવાદીને કહીએ છીએ.

5.15 કોઈ પણ કારણસર નક્કી કરેલ તારીખે કેસ સંભવતઃ આગળ વધી શકશે નહીં એવું જણાય તો, નવી તારીખ આપવા માટે કોર્ટને વિચારણ કરવાનું કહીએ છીએ.

**Crown Court (ક્રાઉન કોર્ટ) માટે કેસો તૈયાર કરતી વખતે આવશ્યક વિશેષ કાર્ય**

5.16 જ્યારે કેસની Crown Court (ક્રાઉન કોર્ટ) માં સુનાવણી થવાની હોય, ત્યારે અમે કાયદેસર આરોપ તૈયાર કરીએ છીએ જેમાં Crown Court (ક્રાઉન કોર્ટ) દ્વારા આવશ્યક ઔપચારીક શબ્દોમાં પ્રતિવાદી સામે આરોપો વર્ણવવામાં આવે છે.

5.17 Crown Court (ક્રાઉન કોર્ટ) ખાતે જે એડવોકેટ કેસ રજુઆત કરશે તેમના માટે અમે લેખિત સૂચનાઓ પણ તૈયાર કરીએ છીએ. Crown Court (ક્રાઉન કોર્ટ)માં ફરિયાદનું પ્રતિનિધિત્વ કરવા માટે અધિકૃત તમામ એડવોકેટ્સને આ શિર્ષક ધરાવતી માપદંડ સૂચનાઓનો સેટ મોકલવામાં આવે છેઃ *CPS Instructions for Prosecuting Advocates*[8] (સીપીએસ ઇન્સટ્રક્શન્સ ફોર પ્રોસીક્યુટીંગ એડવોકેટ્સ) વધુમાં, અમે આમ કરીએ છીએઃ

a) કેસમાં એકત્ર કરવામાં આવેલ તમામ પુરાવાની નકલો, પ્રતિવાદી સમક્ષ પ્રગટ કરવાના સાહિત્ય પર પ્રોસીક્યુટરના નિર્ણયો દર્શાવતી સામાન્ય વણવપરાયેલ સાહિત્યની વિગતવાર નોંધ અને કોર્ટ, પોલીસ અને પ્રતિવાદી સોલીસીટર્સ સાથે પત્રવ્યવહારની વિગતવાર સૂચિનું બિડાણ કરીએ છીએ;

b) કોઇ લેખિત અરજીઓ અથવા પુરાવાના ઉપયોગની નોટિસો જેની કોર્ટ દ્વારા અનુમતિ હોય, જેમ કે સાક્ષીઓને અસરકારક રીતે પુરાવા આપવા માટે સક્ષમ કરવાના ખાસ ઘટતા પગલાં, પરંપરાશ્રવણ અથવા ખરાબ ચારિત્રય

[8] ફરિયાદ સાક્ષીઓને કોર્ટમાં હાજર રહેવા, તેમની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવાની વ્યવસ્થા માટે ફરિયાદ સેવા અને પોલીસે એક સંયુક્ત Witness Care Unit (વિટનેસ કેર યુનિટ્સ)ની સ્થાપના કરેલ છે આથી તેઓ તેમના પુરાવા અસરકારક રીતે રજુ કરી શકે અને તેમના કેસ અને તેના પરિણામોના વિકાસ વિશે તેમને માહિતીગારી કરી શકાય.

પુરાવા અથવા તો આ અરજીઓમાંથી કોઇ પણ આવશ્યક જણાતી નથી તેવો ઉલ્લેખ આપીએ છીએ;

c) આરોપીત અપરાધના તમામ તત્વો સાબિત કરવા માટે કેસ કેવી રીતે રજુ કરવો અથવા કેસમાં કોઇ સંભવિત પ્રતિવાદ અથવા નબળાઇ પર કેવી રીતે કાર્ય કરી શકાય તેની રૂપરેખા તૈયાર કરીએ છીએ;

d) પ્રોસીક્યુટર્સના આરોપીત નિર્ણયની નકલ અથવા કેસમાં જ્યાં પોલીસે પ્રોસીક્યુટરની અનુમતિ વિના પ્રતિવાદી પર આરોપ તૈયાર કરેલ હોય, કેસ સ્વીકૃતિના પ્રોસીક્યુટરના નિર્ણયની નકલ પૂરી પાડીએ છીએ;

e) કેસને અસરકર્તા કોઇ અસામાન્ય કાનુની જોગવાઇઓ દર્શાવીએ છીએ;

f) કયુ વિશેષ કાર્ય અમારે હાથમાં રાખવાનું છે તેની સ્પષ્ટતા કરીએ છીએ;

g) કેસને મજબૂત કરી શકે તેવા તેના અથવા તેણીના માનવા મુજબના કોઇ વિશષ પગલાં પર એડવોકેટ ઝડપથી સલાહ આપે અથવા કોર્ટ સમક્ષ તેને વધુ સ્પષ્ટતાની રજુઆત કરે તેવું કહીએ છીએ;

h) સંકેત આપવો કે જો કોઈ પણ હોય, તો કઈ, પ્રતિવાદી તરફથી વૈકલ્પિક અપીલ સ્વીકૃતિ કરવા માટે અમે તૈયાર છીએ; કેસની ખાસ વિશિષ્ટતાઓ, જેની પર કાર્યવાહી પહેલાં એડવોકેટનું ધ્યાનુ દોરવું આવશ્યક હોય તેને ઓળખીએ છીએ; જેમકે ખાનગી માહિતી પ્રાપ્ત કરવી અથવા તેનું સંરક્ષણ કરવાની અરજીઓ;

i) અટકાયતમાં અને કોઇ અટકાયત સમય મર્યાદામાં પ્રતિવાદી છે કે કેમ અથવા, જો તે અથવા તેણી જામીનગીરી પર હોય, તો કોર્ટ દ્વારા કઇ શરતો લાદવામાં આવી છે તેની રૂપરેખા તૈયાર કરીએ છીએ;

j) ખુલાસો આપવો કોર્ટ પર સાક્ષીની હાજરી પાક્કી કરવા માટે સંભવિત આવશ્યક હોય તેવા સાક્ષી હુકમ અથવા સાક્ષી વોરંટની સ્પષ્ટતા કરીએ છીએ;

k) એડવોકેટ ને અમે કહીએ  છીએ કે તે ફરિયાદ સાક્ષીઓનો પુરાવો આપવાનો ક્રમ નક્કી કરે જેથી આવશ્યકતાથી વધુ સમય માટે તેઓએ કોર્ટમાં હાજર રહેવું પડે નહીં;

l) કોઇ અપેક્ષીત બાકી પુરાવા પ્રાપ્ત કરવા માટે, ખાસ કરીને વૈજ્ઞાનિક અથવા અન્ય નિષ્ણાત પુરાવા માટે તારીખો નક્કી કરીએ છીએ; અને

m) કેસ માટે જવાબદાર પ્રોસીક્યુટર અને અર્ધકાનુની અધિકારીની સંપર્ક માહિતી આપીએ છીએ.

5.18 કેસ સંપૂર્ણ તૈયાર થયો છે તેની ખાતરી માટે એડવોકેટની સલાહની પ્રમાણે આવશ્યકતા હોય તેવા કોઇ વિશેષ કાર્યો અમે કરીએ છીએ.

## તટસ્થ કાર્યવાહી માટે પ્રતિવાદીઓ સમક્ષ માહિતી પ્રગટ કરવી

5.19 પ્રોસીક્યુશન પુરાવાના ભાગ તરીકે ઉપયોગમાં લેવામાં ન આવેલ તપાસક્રિયા દરમિયાન એકત્ર કરવામાં આવેલ તમામ સંલગ્ન સાહિત્યની વિગતવાર નોંધો પોલીસ અને તપાસકર્તાઓએ કરવાની રહેશે અને અમને વિગતવાર નોંધો મોકલવાની રહેશે.

5.20 અમે વિગતવાર નોંધો ધ્યાને લઇએ છીએ તેનો નિર્ણય કરવા કે સૂચિમાંકોઇ આઇટમ:

a) ફરિયાદ પુરાવાના ભાગ તરીકે ઉપયોગ થવો જોઇએ;

b) ફરિયાદ કેસને નુકસાનકારક હોય;

c) પ્રતિવાદી કેસને સહાયક હોય; અને

d) તેમાંના કોઇ એટલા સંવેદનશીલ છે કે કેમ તેનું પ્રગટીકરણ પ્રતિવાદી સમક્ષ થવું જોઇએ નહીં.

5.21 ઉપરોક્ત કોઇ શ્રેણીમાંથી એક હેઠળ વર્ગીકૃત થતી હોય તેવી કોઇપણ વસ્તુઓની નકલો માટે અમે પોલીસ અથવા તપાસકર્તાને પૂછીશું જેથી ભવિષ્યમાં અમે તેનો વિચાર કરી શકીએ.

5.22 વિગતવાર નોંધોની દરેક વસ્તુ માટે અમારા નિર્ણયો આપીએ છીએ, તેના કારણો આપી અમે નોંધ કરીએ છીએ. અમે પ્રતિવાદીને વિગતવાર નોંધો મોકલીએ છીએ જેથી તેઓ તમામ ઉપલબ્ધ સાહિત્યથી માહિતીગાર થઇ શકે, સિવાય કે કોઇ સંવેદનશીલ હોય કે જેની હાજરી પ્રગટ કરી શકાય તેમ ન હોય.

5.23 કોઇ અસંવેદનશીલ વણવપરાવયેલ સાહિત્ય જે ફરિયાદ કેસને નુકશાનકારક હોય અથવા પ્રતિવાદી કેસને સહાયક હોય તેની નકલો બને તેટલી વ્યવહારિક રીતે અમે પ્રતિવાદીને પૂરી પાડીશું, અથવા તેની નકલ કરી શકાય તેમ ન હોય, તો તેઓને તે જોવા માટે સામાન્ય રીતે પોલીસ સ્ટેશને આમંત્રણ આપીશું.

5.24 માહિતી સંવેદનશીલ હોય તેવા કિસ્સામાં તેનું પ્રગટીકરણ પ્રતિવાદી સમક્ષ થવું જોઇએ નહીં, અને તે જે ફરિયાદ કેસને નુકશાનકારક હોય અથવા પ્રતિવાદી કેસને સહાયક હોય, તો તેમના સમક્ષ તેનું પ્રગટીકરણ કરવું કે તેને અટકાવી શકાય છે તેનો નિર્ણય કરવાનું અમે કોર્ટને કહીશું.

5.25 કેસના સમગ્ર અવધિ દરમિયાન પ્રગટીકરણનો પ્રશ્ન સમીક્ષા હેઠળ રાખીએ છીએ, અને ત્યારબાદ, જો કોઇ નવી માહિતી પ્રકાશમાં આવે જે ફરિયાદ કેસને નુકશાનકારક હોય અથવા પ્રતિવાદી કેસને સહાયક હોય. પ્રતિવાદી તરફની માહિતી પર સૂચન માટે પોલીસ અથવા અન્ય તપાસકર્તાને પૂછવા સહિત, જ્યારે પ્રતિવાદી અમે તેમના કેસ વિશે કહેશે ત્યારે અમારા પ્રગટીકરણ નિર્ણયોનોની અમે ફેરવિચારણા કરીશું,

**અટકાયત સમય મર્યાદાઓ**

5.26 કાર્યવાહી માટે પડતર સોંપણી માટે અથવા સમયમર્યાદા વધારવા માટે કોર્ટ સંમતિ ન આપે તો માત્ર મર્યાદિત સમય માટે પ્રતિવાદીને અટકાયતમાં રાખી શકાય છે.

5.27 પ્રતિવાદી અટકાયતમાં હોય ત્યારે, કોર્ટ સમક્ષ પ્રથમ સુનાવણી અને ત્યારબાદ દરેક સુનાવણી સમયે સંલગ્ન અટકાયત સમય મર્યાદા સમાપ્તિની તારીખની એડવોકેટ જાહેરાત કરશે.

5.28 અમારી કેસ ફાઇલમાં આ માહિતીની અમે નોંધ કરીએ છીએ અને ત્યારબાદ અમારી અટકાયત સમય મર્યાદા ડાયરીમાં તેની નોંધ કરીએ છીએ.

5.29 અટકાયત સમય મર્યાદામાં સોંપણી થઇ શકે અથવા કાર્યવાહી શરૂ થઇ શકે તેની ખાતરી કરવા માટે અટકાયત કેસોની તૈયારીને અમે અગ્રતાક્રમ આપીએ છીએ, અથવા કોર્ટને સમય મર્યાદા વિસ્તૃત કરવાનું કહેવું આવશ્યક હોય તો અમે કહી શકીએ કે અમે સંપૂર્ણ ખંત અને ઝડપથી કાર્ય કરેલ છે.

5.30 અમે અટકાયત સમય મર્યાદા ડાયરીની અને અમારા કોમ્પ્યુટરાઇઝ્ડ કેસ સંચાલન વ્યવસ્થાની સમીક્ષા કરીએ છીએ જેથી તપાસ કરી શકાય કે કોઇ અટકાયત સમય મર્યાદા નજીક છે કે નહીં. એક નિમણૂક પામેલ કાનુની મેનેજર અથવા સિનીયર પ્રોસીક્યુટર દ્વારા કમસે કમ અઠવાડિક સમયે આ તપાસો દ્વારા કોઇ ઓળખાયેલ કેસોની વિચારણા કરે છે. મર્યાદા સમાપ્ત થાય તે પહેલાં ચોક્કસ સમય મર્યાદામાં, કોર્ટ અને પ્રતિવાદીને અમે નોટિસ મોકલીએ છીએ જો એવું જોવામાં આવે કે કેસ સમય મર્યાદામાં શરૂ થઇ શકશે નહીં આથી વિસ્તૃતીની મંજુરી આપવી કે નહીં તેના પર કોર્ટ વિચારણા કરી શકે. ફરિયાદ પ્રક્રિયા તમામ ખંત અને ઝડપ સાથે કાર્ય સાથે સંચાલન થયું છે કે કેમ તેનો નિર્ણય કરવામાં મદદ માટે ઘટનાઓની અમે તારીખવાર યાદી પૂરી પાડીશું.

5.31 દર અઠવાડિયે સિસ્ટમ્સ સુસંગત તપાસ મેનેજરો કરશે અને તેમના Chief Crown Prosecutor (ચીફ ક્રાઉન પ્રોસીક્યુટર) દ્વારા સિસ્ટમ્સના સંચાલન વિશે લેખિત ખાતરી પૂરી પાડશે.

## માપદંડ 6

### અમે અમારા કેસો તટસ્થ અને દ્રઢ રીતે રજુ કરીશું.

**કાર્યવાહીઓનું સંચાલન[9]**

6.1 સુનાવણી પહેલાં, એડવોકેટ આ મુજબ કાર્ય કરે છે:

a) કાર્યવાહી સમીક્ષા નોંધ સહિત કેસના સંપૂર્ણ ઇતિહાસની વિચારણા કરવી, તમામ બાબતોની યોગ્ય રીતે તૈયારી થયેલ છે તેની ચોક્કસાઇ કરવી;

b) શક્ય હોય ત્યાં, તપાસકર્તા અધિકારી સાથે ચર્ચા કરીને ખાતરી કરે છે કે તે અથવા તેણી કેસના સંપૂર્ણ ઇતિહાસથી વાકેફ છે;

c) તમામ, સિવાયકે મોટાભાગના સરળ કેસોમાં, કેસ શેના વિશે છે તેની સમજમાં મેજીસ્ટ્રેટ અથવા જ્યુરીની મદદ માટે ટૂંકું ભાષણ અથવા પુરાવાની રૂપરેખા તૈયાર કરે છે અથવા જો પ્રતિવાદીની દલીલ ખોટી હોય, તો અપરાધીને સજા કરવામાં મેજીસ્ટ્રેટ અથવા ન્યાયધીશને સહાય કરે છે;

d) પ્રતિવાદીની અને કોઇ જાણીતા પ્રતિવાદી સાક્ષીઓની ઉલટ-તપાસનું હંગામી આયોજન તૈયાર કરે છે;

e) મેજીસ્ટ્રેટ અથવા ન્યાયધીશ સમક્ષ રજુ કરવાની કોઇ કાનુની દલીલની લેખિત રૂપરેખા તૈયાર કરે છે; અને

f) એક કરતાં વધુ દિવસ માટે ચાલતાં Crown Court (ક્રાઉન કોર્ટ) કેસોમાં અને મેજીસ્ટ્રેટની કોર્ટ કેસોમાં  ફરિયાદ સાક્ષીઓ તેમના પુરાવા રજુ કરવા માટે ક્રમ ક્રમ નક્કી કરે છે, આથી તેઓને આવશ્યકતા કરતાં વધુ સમય માટે કોર્ટમાં હાજર રહેવું પડે નહીં.

6.2 સાક્ષીઓને મળવા માટે એડવોકેટ કોર્ટમા સમયસર આવે છે અને:

a) તેમની અથવા તેણીની ઓળખાણ આપે છે;

b) તેમને બતાવે છે અથવા Witness Service[10] (વિટનેસ સર્વિસ) ના પ્રતિનિધિ દ્વારા વ્યવસ્થા કરીને, તેમના સાક્ષી અહેવાલો (અથવા જો આમ કરેલ ન હોય

---

[9] *National Standards of Advocacy* (નેશનલ સ્ટાન્ડર્ડસ ઓફ એડવોકેસી) માં તેમના વતી કોર્ટમાં હાજર રહેનાર એડવોકેટના અપેક્ષીત માપદંડો પ્રોસીક્યુશન સર્વિસમાં દર્શાવેલ છે, જે અમારી વેબસાઇટ (www.cps.gov.uk) પર અથવા અરજી કરવાની ઉપલબ્ધ છે (માહિતી માટે પાછળનું પૃષ્ઠ જુઓ).

તો તેમના ઇન્ટરવ્યુનું વિડીયો રેકોર્ડીંગ) તેમને બતાવે છે આથી પુરાવા આપતા પહેલાં તેઓ તેમની યાદશક્તિ તાજી કરી શકે;

c) તેમના પુરાવા આપવા માટે કોર્ટ દ્વારા તેમની સહાય માટે અનુમતિ આપવામાં આવેલ કોઇ ખાસ ઘટતા પગલાંની અસરો સહિત, દિવસ દરમિયાન શું બનશે તેનો ખુલાસો કરે છે.

d) કાયદાની અનુમતિ અનુસાર તેમના કોઇ પ્રશ્નોનો જવાબ આપે છે.

6.3 તેમના વ્યવસાયના નિયમો દ્વારા, જોકે, એડવોકેટ્સ સાક્ષીના પુરાવાની તેમની સાથે ચર્ચા કરી શકશે નહીં, અથવા અન્ય સાક્ષીઓ કયા પુરાવા આપી શકે તે જણાવી શકશે નહીં.

6.4 કોર્ટ દિવસ દરમિયાન, એડવોકેટ આ મુજબ કાર્યવાહી કરે છેઃ

a) ચુકાદો મેળવવાના એકમાત્ર હેતુ સાથે નહીં પણ ન્યાયના હેતુ પર કાર્ય કરીને અને, ફરિયાદ કેસ ખુલ્લી રીતે, પ્રમાણિકતાથી અને સુદ્રઢતા સાથે રજુ કરે છે;

b) કોઇ વિલંબોના કારણો માટે - ફરિયાદ સાક્ષીઓને માહિતીગાર કરે છે – પ્રત્યક્ષ રીતે, અથવા જો તે અથવા તેણી કોર્ટરૂમ છોડી શકે તેમ ન હોય, તો સહાયક અથવા કોર્ટના અધિકારી મારફતે;

c) સાક્ષીઓ અને પ્રતિવાદીઓ સાથે કોર્ટમાં આદરપૂર્વક વર્તન કરે છે અને ફરિયાદ સાક્ષીઓના અયોગ્ય પ્રશ્નોને અટકાવવા માટે હસ્તક્ષેપ કરવા કોર્ટને કહે છે; અને

d) ફરિયાદ સાક્ષીઓ તેમના પુરાવા કોર્ટમાં રજુ કરે ત્યારબાદ વહેલી તકે કોર્ટ છોડવાની અનુમતિ માટે કોર્ટને પૂછે છે, જો તેઓ આમ કરવા માગતા હોય, સિવાય કે તેઓએ શા માટે રોકાવું જોઇએ તેનું કોઇ ફરજિયાત કારણ હોય.

6.5 એડવોકેટ પણ વ્યક્તિગત રીતે અથવા સહાયક દ્વારાઃ

a) યોગ્ય સમયે પ્રદર્શનના ઉત્પાદન માટે વ્યવસ્થા કરે છે;

b) ફરિયાદ સાક્ષીઓ સાથે સહકાર સ્થાપે છે જેથી તેઓ યોગ્ય સમયે પુરાવા રજુ કરવા માટે હાજર રહે અને કોઇ વિલંબો માટે તેમને માહિતીગાર કરી શકાય; અને

[10] Witness Service (વિટનેસ સર્વિસ) એ નેશનલ ચેરીટીનો ભાગ છે જે અપરાધી કાર્યવાહી દરમિયાન અને પહેલાં સાક્ષીઓને સહાય પૂરી પાડે છે.

c) કાનુની દલીલ પર કોર્ટના નિર્ણયોના પરિણામ તરીકે આવશ્યક દસ્તાવેજોમાં અંતિમ મિનિટના સુધારા કરે છે.

6.6 જો પ્રતિવાદી દોષીત ઠેરાય તો, પ્રોસીક્યુટીંગ એડવોકેટ્સ મેજીસ્ટ્રેટ અથવા ન્યાયધીશને સજા પ્રક્રિયામાં અને, જ્યાં સજા મૌકૂફ રાખવાની હોય, બાકી સજામાં અપરાધીને અટકાયતમાં રાખવો કે કે તેના વિશેના નિર્ણયોમાં સહાય કરે છે. માપદંડ 9 માં સજા પ્રક્રિયામાં પ્રોસીક્યુટરની ભૂમિકા વિશે અમે વધુ જણાવીએ છીએ.

## દોષીત દલીલોની રજુઆતો સાથે કાર્ય કરવું[11]

6.7 કેટલીક સંખ્યાના અપરાધો, વિવિધ અપરાધ, અથવા ઘટનાના ખાસ સંસ્કરણના આધાર પર ઘણા પ્રતિવાદીઓ દોષીત દલીલ રજુ કરે છે. આમ ઘણીવાર અંતિમ ક્ષણે થાય છે, વારંવાર કાર્યવાહી શરૂ થયા પહેલાં જ બને છે જ્યારે પણ આમ બને, અમે:

a) જાહેર હિતમાં રજુઆત સ્વીકારવા માટે છે કે કેમ તેનો ફેંસલો કરતી વખતે ભોગ બનેલ અથવા તેના પરિવાર દ્વારા રજુ કરવામાં આવેલ કોઇ મંતવ્યો ધ્યાને લઇએ છીએ;

b) યોગ્ય આનુષંગિક આદેશોની ઉપલબ્ધતા માટે સુચિત દલીલોના ગર્ભિતાર્થોને ધ્યાને લઇ, કોર્ટ અપરાધની ગંભીરતાને અનુરૂપ સજા કરી શકે તેની ખાતરી કરીએ છીએ. અમે ખાતરી કરીએ છીએ કે દલીલનો સૂચિત આધાર ગેરમાર્ગે દોરનાર અથવા ખોટી બાબતોની હકિકતો પર આધારીત ન હોય અને તે ભોગ બનેલના હિતોને નુકશાનકારક ન હોય. દલીલના આધાર પર જો કરાર પર આવી શકાય તેમ ન હોય, તો કોર્ટને પુરાવા સાંભળવા માટે એડવોકેટ કહેશે આથી નક્કી કરી શકાય કે અપરાધીને કયા આધારે સજા કરવી; અને

[11] *The Acceptance of Pleas and the Prosecutor's Role in the Sentencing Process* (ધી એસેપ્ટન્સ ઓફ પલીઝ અને પ્રોસીક્યુટર્સ રોલ ઇન ધી સેન્ટેન્સીંગ પ્રોસેસ) પર આ બાબતે કોર્ટને, પ્રોસીક્યુટર્સને, પ્રતિવાદી વકિલો અને જાહેર જનતાને *The Attorney General's Guidelines* (ધી એટર્ની જનરલ્સ ગાઇડલાઇન્સ) વિસ્તૃત માહિતી પૂરી પાડે છે. અમારી વેબસાઇટ www.attorneygeneral.gov.uk પર અથવા વિનંતી કરવાથી (માહિતી માટે પાછળનું પૃષ્ઠ જુઓ) ઉપલબ્ધ છે.

c) દલીલનો કોઇ સહમતિ આધાર લખવામાં આવ્યો હોય અને પ્રતિવાદી એડવોકેટ અને ફરિયાદ એડવોકેટ દ્વારા સહી કરવામાં આવ્યો હોય તેની ખાતરી કરીએ છીએ.

# માપદંડ 7

## અમે ભોગ બનેલ અને સાક્ષીઓની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરીશું, તેમના કેસની પ્રગતિ વિશે જાણકારી આપીશું અને તેમના શ્રેષ્ઠ પુરાવા[12] આપવા માટે તેમને યોગ્ય સહાય કરીશું

7.1 ભોગ બનેલ અને સાક્ષીઓ સાથેના અમારા કાર્યમાં, ન્યાય પ્રવૃત્તિમાં અમે સમાનતાને પ્રોત્સાહન આપવાની અમારી ફરજોનું અમે ખાસ ધ્યાન રાખીએ છીએ.

7.2 એક Witness Care Officer (વિટનેસ કેર ઓફિસર), અથવા ખાસ કેસોમાં, પોલીસ અધિકારી અથવા Family Bereavement Officer[13] (ફેમીલી બીરીવમેન્ટ ઓફિસર) ની કેસની પ્રથમ રજુઆતથી સમાપ્તિ સુધી ભોગ બનેલ અને સાક્ષીઓ માટે સંપર્કના એકલ કેન્દ્ર તરીકે દરેક કેસમાં ફાળવણી કરવામાં આવેલ હોય છે. કોર્ટ કાર્યવાહીના તમામ તબક્કે કેસના વિકાસ વિશે તે અથવા તેણી ભોગ બનેલ અને સાક્ષીઓને માહિતીગાર કરે છે, અને તેમની જરૂરિયાતો પૂર્ણ થાય તેની ખાતરી કરે છે. તે અથવા તેણી ખાતરી કરે છે કે જો ભોગ બનેલની ઇચ્છા હોય તેમ પૂછવામાં આવ્યું હોય, અથવા તેમણે ઇચ્છા કરેલ હોય, કે એક Victim Personal Statement (વિક્ટીમ પર્સનલ સ્ટેટમેન્ટ) કોર્ટમાં વાંચવામાં આવે જો પ્રતિવાદી દલીલ દોષીત અથવા સજાપાત્ર ઠરે તો.

---

[12] વધુ જુઓ Prosecutor's Pledge (પ્રોસીક્યુટર્સ પ્લેજ), CPS Policy Statement on Victims and Witnesses, the Code of Practice for Victims of Crime (સીપીએસ પોલીસી સ્ટેટમેન્ટ ઓન વિક્ટીમ્સ એન્ડ વિટનેસીસ), The Code of Practice for Victims of Crime (ધી કોડ ઓફ પ્રેક્ટીસ ફોર વિક્ટીમ્સ ઓફ ક્રાઇમ) અને The Witness Charter, (ધી વિટનેસ ચાર્ટર), તમામ અમારી વેબસાઇટ પર અથવા અરજી પર ઉપલબ્ધ છે (વધુ માહિતી માટે પાછળનું પૃષ્ઠ જુઓ).

[13] Family Bereavement Officers (ફેમીલી બિરીવમેન્ટ ઓફિસર્સ) (ઘણીવાર Family Liaison Officers) (ફેમીલી લીયેઝન ઓફિસર્સ) તરીકે ઓળખાય છે) ખાસ તાલીમબદ્ધ પોલીસ અધિકારીઓ છે જેઓ તપાસકર્તાઓ, પ્રોસીક્યુટર્સ અને ભોગ બનેલના પરિવાર વચ્ચે મૃત્યુના કેસોમાં જોડાણ પૂરું પાડે છે.

7.3 પ્રતિવાદી દોષીત ન હોવાની દલીલ કરે ત્યારે, એક Witness Care Officer (વિટનેસ કેર ઓફિસર):

a) ફરિયાદ સેવા તરફથી આ માહિતી મેળવવાની ચોક્કસ સમયમર્યાદામાં કાર્યવાહીની તારીખના જીવંત પુરાવા આપવાની આવશ્યકતાની સાક્ષીઓને જાણ કરે છે.

b) દોષીત ન હોય તેવી દલીલને અનુસરતા, કોર્ટમાં જેઓને હાજર રહેવાની આવશ્યકતા હોય અને જેઓ સર્વસાધારણ હોય તેવા સાક્ષીઓની જરૂરિયાતોનું સંપૂર્ણ મૂલ્યાંકન રજુ કરે છે. ઉદાહરણ તરીકે, બાળસંભાળ અને પરિવહન મુદ્દાઓ સહિત કોર્ટમાં હાજરી વિશે તેમના મુદ્દાઓની ચર્ચા કરવાની તક તેમને પૂરી પાડે છે. તેમના પુરાવા અસરકારક રીતે આપવા માટે તેમને સક્ષમ કરવાના ખાસ ઘટતા પગલાંની આવશ્યકતા છે કે કેમ તે Witness Care Officer (વિટનેસ કેર ઓફિસર)ને સાક્ષીઓ સાથે તપાસ કરવા માટે પણ સક્ષમ કરે છે;

c) જો આવશ્યકતા હોય, અસમર્થ સાક્ષીઓ, તબીબી સ્થિતીઓ ધરાવતા સાક્ષીઓ અને દુભાષીયા જેવા વાર્તાલાપ સહાયતાની જેમને આવશ્યકતા હોય, તેની વ્યવસ્થાઓ કરે છે, આવશ્યકતા મુજબ કોર્ટની અનુમતિ માગે છે;

d) યોગ્યતા અનુસાર, અન્ય એજન્સીમાં સાક્ષીને મોકલે છે, જેમ કે સંલગ્ન સહાય સમૂહ, જે વધુ ચોક્કસ, અનુકૂળ મદદ રજુ કરે છે; અને

e) Witness Service[14] (વિટનેસ સર્વિસ) સાથે સાક્ષીઓને સંપર્કમાં રાખે છે, જે તેમને કાર્યવાહીના દિવસે અને, યોગ્ય કેસોમાં, બાદમાં, કોર્ટ કાર્યવાહીની શ્રેષ્ઠ સમજણ મેળવવા માટે અને કાર્યવાહીના દિવસે વધુ તેઓ વધુ સરળતા અનુભવે તે માટે કાર્યવાહી તારીખ પહેલાં કોર્ટમાં મુલાકાત લેવાની સાક્ષીઓને તક આપવા સહિત, કાર્યવાહીમાં આગળ વધવામાં તેમને વ્યવહારિક અને લાગણીમય સહાય પૂરી પાડે છે. Victim Support (વિક્ટીમ સપોર્ટ) દ્વારા આ સહાય થોડી પૂરી પાડવામાં આવી શકે છે.

[14] Witness Service (વિટનેસ સર્વિસ) એ નેશનલ ચેરીટીનો ભાગ છે, Victim Support (વિક્ટીમ સપોર્ટ), અને તે અપરાધી કાર્યવાહી દરમિયાન અને પહેલાં સાક્ષીઓને સહાય પૂરી પાડે છે.

7.4 અપીલ સુનાવણી માટે ઉચ્ચ કોર્ટમાં સાક્ષી તરીકે હાજરી આપવાની આવશ્યકતા હોય ત્યારે Witness Care Officers (વિટનેસ કેર ઓફિસર્સ) સમાન કાર્યો કરે છે.

7.5 જ્યારે કેસ સમાપ્ત કરવામાં આવે, Witness Care Officers (વિટનેસ કેર ઓફિસર) ભોગ બનેલને જાણ કરે છે અને કોર્ટ તરફથી પરિણામ પ્રાપ્તિની ચોકક્સ સમય મર્યાદામાં સાક્ષીની પસંદગીના સંપર્ક મારફતે પરિણામોની તેમને જાણ કરે છે. કોઇ સંલગ્ન સહાય સેવા તરફથી જો તેઓને મદદની આવશ્યકતા હોય તો તેઓ સાક્ષીઓને પૂછે પણ છે.

7.6 યોગ્ય કેસોમાં પ્રોસીક્યુટર્સ ખાસ ઘટતા પગલાં માટે તેમની જરૂરિયાતોની ચર્ચા કરવા માટે સાક્ષીઓને વ્યક્તિગત મળવાની રજુઆત કરે છે.

7.7 થોડા અતિ વિવાદીત કેસમાં અમે જ્યાં આ ન્યાયપૂર્વક થઇ શકે તેમ હોય ત્યાં સાક્ષીની ઓળખ છૂપાવવાની અનુમતિ માટે અમે કોર્ટને કહીએ છીએ.

7.8 જ્યાં મૃત્યુ સંલગ્ન હોય તેવા કેસોમાં, શરૂઆતના તબક્કે કેસ કેવી રીતે ચલાવવામાં આવે અને દરેક કોર્ટ સુનાવણી પર શું બનવું અપેક્ષીત છે તેની સ્પષ્ટતા માટે પ્રોસીક્યુટર્સ ભોગ બનેલના પરિવારને મળશે[15].

[15] Victim Focus (વિક્ટીમ ફોકસ) યોજના તરીકે આ ઓળખાય છે.વધુ માહિતી અમારી વેબસાઇટ (www.cps.gov.uk) પર અથવા વિનંતી કરવાથી (માહિતી માટે પાછળનું પૃષ્ઠ જુઓ) ઉપલબ્ધ છે.

## માપદંડ 8

### અમે કેસો બંધ કરીએ અથવા આવશ્યક રીતે સજા બદલાવીએ ત્યારે ભોગ બનેલને અમારા નિર્ણયોની અમે સ્પષ્ટતા કરીશું

8.1 જયારે કેસ બંધ કરવાની દરખાસ્ત કરવામાં આવે, અથવા આવશ્યક રીતે આરોપો ફેરફાર કરવામાં આવે, ત્યારે અમે પોલીસ અથવા અન્ય તપાસકર્તાની સલાહ લેશું, સિવાય કે અંતિમ નિર્ણય પર આવતા પહેલાં, આમ કરવાનું અવ્યવહારિક હોય. જાહેર હિતના આધારો પર સૂચિત નિર્ણય આધારીત હોય ત્યારે, અપરાધ કોઇ અસર ધરાવતો હોય તો તેના વિશે ભોગ બનેલ દ્વારા રજુ થયેલ કોઇ મંતવ્યો અમે ધ્યાને લઇએ છીએ. યોગ્ય કેસોમાં, ઉદાહરણ તરીકે, મનુષ્ય વધનો કેસ અથવા જ્યાં ભોગ બનેલ બાળક અથવા વયસ્ક હોય જેઓ મેન્ટલ કેપેસીટી એક્ટ 2005 ની વ્યાખ્યા હેઠળ ક્ષમતાની ખામી ધરાવતા હોય, ત્યારે ભોગ બનેલના પરિવાર દ્વારા રજુ કરવામાં આવેલ કોઇ મંતવ્યોને પ્રોસીક્યૂટરે ધ્યાને લેવા જોઇએ.

8.2 પ્રોસીક્યુટર કેસ બંધ કરવાનો નિર્ણય લે અથવા પ્રતિવાદી સામે મૂકવામાં આવતા આરોપોમાં કોઇ આવશ્યક ફેરફારો કરવા માટે, તે અથવા તેણીના નિર્ણય માટેના કારણોની ચોક્કસ સમય મર્યાદામાં સ્પષ્ટતા માટે ભોગ બનેલને તે અથવા તેણી લખે છે. ભોગ બનેલ અને કેસના ચોક્કસ સંજોગોની જરૂરિયાતોને અનુકૂળ પત્ર હોય છે.

8.3 અમે તેમને લખીએ તે પહેલાં. જો નિર્ણય થવાનો હોય તે દિવસે તેઓ કોર્ટમાં હાજર હોય, તેવા નબળાં અને ધમકાવેલ ભોગ બનેલાં સાથે પ્રત્યક્ષ રીતે એડવોકેટે વાત કરવી જોઇએ.

8.4 અમારા લેખિત ખુલાસાઓ વિશે તેમના પ્રશ્નોના જવાબ માટે વ્યક્તિગત રીતે ચોક્કસ ખાસ અપરાધોનો ભોગ બનેલાંને મળવા માટે પ્રોસીક્યુટર્સ રજુઆત કરે છે.

8.5 શંકમંદ પર આરોપ ઘડવા માટે અમે પોલીસ અથવા અન્ય તપાસકર્તાને અધિકૃત ન કરવાનો અમે નિર્ણય લઇએ ત્યારે સમાન નિયમો ગંભીર અથવા જટિલ કેસોમાં લાગુ થાય છે, જોકે મોટાભાગના કેસોમાં પોલીસ અથવા અન્ય તપાસકર્તાઓ સ્પષ્ટતાઓ પૂરી પાડે છે.

# માપદંડ 9

## સજા આગળ વધારવામાં અને અપરાધની પ્રક્રિયાઓ જપ્તી માટે કોર્ટને અમે મદદ કરીશું[16]

9.1 સજા કરવી એ કોર્ટની જવાબદારી છે. સજા કરવામાં પ્રોસીક્યુશનની ભૂમિકા તમામ સંલગ્ન માહિતીની જાણકારી આપી સજા પ્રક્રિયામાં કોર્ટને સહાય કરવાની છે.

9.2 સજા સુનાવણી પહેલાં:

a) કેસનો સાર અમે Probation Service (પ્રોબેશન સર્વિસ) અથવા Youth Offending Service (યુથ ઓફેન્ડીંગ સર્વિસ) ને મોકલીએ છીએ જેથી તેઓ કોર્ટ માટે સજા-પૂર્વેનો વાસ્તવિક અહેવાલ તૈયાર કરી શકે;

b) Victim Personal Statement (વિક્ટીમ પર્સનલ સ્ટેટમેન્ટ) બનાવાની અથવા પહેલાં બનાવેલી હોય તો તેમાં સુધારા કરવાની ભોગ બનેલ ઇચ્છા ધરાવતા હોય તો તે માટે Witness Care Officer (વિટનેસ કેર ઓફિસર) પૂછે છે અથવા એક પોલીસ અધિકારી અથવા અન્ય તપાસકર્તાની વ્યવસ્થા કરે છે;

c) સજાના મુદ્દાઓ જટિલ અથવા અયોગ્ય જણાતા હોય, અથવા કોર્ટ અમને આમ કરવાનું કહે, તેવા કેસોમાં હજુ સુધી કોર્ટની જાણ બહાર હોય તેવી કોઇ અન્ય સંલગ્ન માહિતી અને કોઇ ઉપલબ્ધ આનુષંગિક આદેશો, સંલગ્ન જોગવાઇઓ અને માર્ગદર્શનોની રૂપરેખા કોર્ટમાં જમા કરાવવા માટે અમે તૈયારી કરીએ છીએ; અને

d) આવશ્યકતા અનુસાર, કોઇ ગેર-સામાજિક વર્તણૂક આદેશો અથવા અટકાયત આદેશો જેવા કોઇ યોગ્ય આનુષંગિક આદેશો માટે અમે લેખિત અરજીઓ તૈયાર કરીએ છીએ.

---

[16] *The Acceptance of Pleas and the Prosecutor's Role in the Sentencing Process* (ધી એસેપ્ટન્સ ઓફ પલીઝ અને પ્રોસીક્યુટર્સ રોલ ઇન ધી સેન્ટેન્સીંગ પ્રોસેસ) પર આ બાબતે કોર્ટને, પ્રોસીક્યુટર્સને, પ્રતિવાદી વકિલો અને જાહેર જનતાને *The Attorney General's Guidelines* (ધી એટર્ની જનરલ્સ ગાઇડલાઇન્સ) વિસ્તૃત માહિતી પૂરી પાડે છે. અમારી વેબસાઇટ www.attorneygeneral.gov.uk પર અથવા વિનંતી કરવાથી (માહિતી માટે પાછળનું પૃષ્ઠ જુઓ) ઉપલબ્ધ છે.

9.3 સુનાવણી સમયે એડવોકેટ:

a) કોર્ટ સમક્ષ કેસની હકિકતોની રૂપરેખાઓ તૈયાર કરે છે, અપરાધની પરિસ્થિતી ખરાબ કરનાર કોઇ વિશિષ્ટતાઓ અને ફરિયાદ કેસ તરફથી હળવાં કરનાર કોઇ કારણો તરફ કોર્ટનું ધ્યાન દોરે છે;

b) યોગ્યતા અનુસાર, પ્રતિવાદી વિચારણા પર મૂકવા માગતા હોય તેવા અન્ય અપરાધોની સૂચિ કોર્ટને પૂરી પાડે છે, આથી સજા કરવામાં કોર્ટ તેની વિચાર કરી શકે[17];

c) સમાન અપરાધો માટે હોય તેમના પર ખાસ ધ્યાન દોરીને, અપરાધી સમક્ષ નોંધવામાં આવેલ કોઇ પહેલાંના ગુનાહિત ચૂકાદાઓ, સરળ સાવચેતીઓ[18] અથવા શરતી સાવચેતીઓની કોર્ટને જાણ કરે છે;

d) પોલીસ સ્ટેશને કરવામાં આવેલ કોઇ ડ્રગ પરીક્ષણના પરિણામોની કોર્ટને જાણ કરે છે; અને

e) સજા-પૂર્વેનો અહેવાલ પુરાવાના ચોક્કસ મૂલ્યાંકન પર આધારીત છે કે કેમ તેની તપાસ કરે છે, અને જો ન હોય, તો આ બાબતે કોર્ટનું ધ્યાન દોરે છે.

9.4 આ પગલાં દ્વારા અપરાધીની વર્તણૂકની અસર પર એડવોકેટ ધ્યાન પણ દોરે છે:

a) ઉપલબ્ધતા અનુસાર, Victim Personal Statement (વિક્ટીમ પર્સનલ સ્ટેટમેન્ટ) કોર્ટમાં રજુ કરે છે;

b) યોગ્યતા અનુસાર, ભોગ બનેલને વળતર ચૂકવવા માટે અપરાધીને આદેશ આપવાનું કોર્ટને કહે છે; અને

c) યોગ્યતા અનુસાર, સમાજ પર અપરાધની અસરોના પુરાવા પૂરાં પાડે છે.

9.5 આ પગલાં દ્વારા એડવોકેટ ખાતરી કરે છે કે સજાના ઉપલબ્ધ વિકલ્પોની સંપૂર્ણ શ્રેણીનો કોર્ટ વિચાર કરે છે કે તેના:

a) ભવિષ્યના અપરાધની તકો ઘટાડવા માટે અથવા ભવિષ્યના અપરાધથી ભોગ બનેલનું સંરક્ષણ કરવા માટે અપરાધી સામે કરીશ શકાય તેવા

---

[17] તેણે પહેલાં સૂચન કરેલ હોય કે તે કોર્ટને ધ્યાને લેવાનું કહેશે, કોર્ટ સમક્ષ પ્રતિવાદી અપરાધ સ્વીકારવાનો ઇન્કાર કરે ત્યારે અપરાધ ભવિષ્યની સમીક્ષાને આધીન હોઇ શકે છે તેવી પ્રતિવાદીના એડવોકેટને સ્પષ્ટતા કરીને પ્રોસીક્યુટર્સ વિચારણા કરે છે કે તેના પર તેનો આરોપ થવો જોઇએ કે કેમ.

[18] યુવાન હુમલાખોરને સરળ સાવધાની આપી શકાશે નહીં.તેમને, જો કે, ઠપકો અથવા અંતિમ ચેતવણી આપવામાં આવશે. સરળતા માટે, અમે આ માપદંડોમાં સાવધાનીનો શબ્દનો ઉપયોગ આ નિયમપાલનની વિચારણા માટે કરીએ છીએ. યુવાન હુમલાખોરને શરતી સાવધાની આપી શકાશે.

આનુષંગિક આદેશોને ધ્યાને લેવાનું કોર્ટને કહે છે. તેમાં ગેર-સામાજિક વર્તણૂક આદેશો, અટકાયત આદેશો, ડ્રાઇવીંગ ગેરલાયકાતો અને જાતિય અપરાધ પ્રતિરોધ આદેશોનો સમાવેશ થાય છે;

b) ભોગ બનેલના અપમાનકારક ચારિત્ર્ય, ખોટા અથવા યોગ્ય સજા વિચારણાઓથી અસંબદ્ધ હોય તેવી કોઇ પ્રતિવાદી હળવાશને પડકારે છે;

c) ડ્રગ્સ અથવા હથિયારો જે અપરાધીના નિયંત્રણ હેઠળ હોય અથવા અપરાધમાં ઉપયોગ કરેલ હોય તેવાં કોઇ સાધનોના નાશના આદેશ માટે કોર્ટને વિચારવાનું કહે છે;

d) કોર્ટને સજા પ્રક્રિયામાં સામાન્ય રીતે કોર્ટને સહાય કરે છે, કોઇપણ સંબંધિત કાનુની જોગવાઇઓ, સજા માર્ગદર્શનો અને માર્ગદર્શન કેસોકોર્ટના ધ્યાને દોરે છે, અને તેમાં સમાવેશ થાય છે એવા સંજોગો જ્યાં અપરાધ છે Hate Crime (હેટ ક્રાઇમ). આ અપરાધમાં કાનુન ફરજીયાત કોર્ટ તરફથી આપેલી સજામાં વધારો કરવો; અને

e) પેરેગ્રાફ 9.3 અને 9.5 માં દર્શાવેલ કારણો પર પ્રકાશ પાડી, હાલમાં અપરાધની સજાની મર્યાદાની રૂપરેખા તૈયાર કરી કોર્ટને એડવોકેટ મદદ પણ કરશે.

9.6 વધુમાં કોર્ટ સમક્ષ કેસ લાવવામાં થયેલ તમામ અથવા આંશિક ખર્ચની ચૂકવણી અપરાધીને કરવાનો કોર્ટને હુકમ કરવાનું કહેશે, સિવાય કે આમ ન કરવા માટે કોઇ વાજબી કારણ હોય.

9.7 સજાઓ સામે અપીલ કરવાની પ્રોસીક્યુશન સત્તા ધરાવતી નથી. પરંતુ Crown Court (ક્રાઉન કોર્ટ)ના કેસોની મર્યાદિત શ્રેણીમાં, અનુચિત સોમ્ય તરીકે Court of Appeal (કોર્ટ ઓફ અપીલ) માં સજા માટે Attorney General (એટર્ની જનરલ) ભલામણ કરી શકે છે - અન્ય શબ્દોમાં, સજા ન્યાયધીશના ધારવા પ્રમાણે જે વાજબી લેખાય તે મર્યાદાની બહાર હોય. સજા બાદ બને તેટલી વહેલી તકે, આમ કરવા માટે Attorney General (એટર્ની જનરલ) ને કહેવું કે કેમ તેનો અમે નિર્ણય કરીએ છીએ. તેના અથવા તેણીના ખૂદની પહેલવૃત્તિ કરીને અથવા ભોગ બનેલની અથવા જાહેર જનતાના સભ્યની અરજી પર Attorney General (એટર્ની જનરલ) પરીક્ષણ વિશે વિચારી શકે છે. Attorney General (એટર્ની જનરલ) સજાનો સંદર્ભ લેવાનો નિર્ણય કરે તો, તે અથવા તેણી આમ સજાના 28 દિવસમાં કરવું ફરજિયાત છે.

9.8 Witness Care Officer (વિટનેસ કેર ઓફિસર) સજાના ટૂંકા સમયગાળામાં કોઇ ભોગ બનેલ અને નબળાં સાક્ષીઓને કોર્ટ દ્વારા લાદવામાં આવેલ સજાનો શું અર્થ થાય છે તેની સરળ ભાષામાં સ્પષ્ટતા સહિત, તાકીદ કરે છે.

## અપરાધથી મેળવેલને જપ્ત કરવું

9.9 અમુક કિસ્સાઓમાં શકમંદ અથવા પ્રતિવાદીને તેના અથવા તેણીના અપરાધમાંથી લાભ થયો છે તેવું જાણાય, અને ભીતિ હોય કે તે અથવા તેણી મિલકતનો ઉપયોગ અથવા નિકાલ કરશે, ત્યારે શકમંદ અથવા પ્રતિવાદીને મિલકત પર કાર્ય કરતા અથવા નિકાલ કરતા અટકાવવા માટે, પોલીસ અથવા અન્ય તપાસકર્તાની અરજી પર ટૂંકા સમયગાળામાં ન્યાયધીશને અટકાયત આદેશ આપવાનું અમે કહીએ છીએ. અમારા માનવા મુજબ અટકાયત આદેશ યોગ્ય હોઇ શકે છે ત્યારે અમે પોલીસ અને અન્ય તપાસકર્તાને પણ સલાહ આપીએ છીએ. આદેશ આપવામાં આવે ત્યાર બાદ બને તેટલી વહેલી તકે, શકમંદ અથવા પ્રતિવાદીને તેની મિલકતોનો ઉપયોગ કરતા અટકાવી શકે તેવી સ્થિતિમાં હોય તે બેંક અને બિલ્ડીંગ સોસાયટીઓ જેવી સંલગ્ન સંસ્થાઓ અને શકમંદ અથવા પ્રતિવાદીને તેની નકલ અમે મોકલીએ છીએ. ઘણીવાર, આમ કરવા માટે અમે પોલીસ અથવા અન્ય તપાસકર્તાને કહીએ છીએ.

9.10 પોલીસ અથવા અન્ય તપાસકર્તા તરફથી પ્રાપ્ત થયેલ અન્ય કેસો પ્રતિવાદીના અપરાધની પ્રક્રિયાની જપ્તી માટે યોગ્ય છે કે કેમ તેનો અમે વિચાર કરીએ છીએ. જો કેસ યોગ્ય જણાય, તેની અથવા તેણીની યોગ્ય મિલકતનો ન્યાય કરી તેની જપ્તી કરવાનું કોર્ટને કહીને, તુરંત જ પોલીસ અથવા અન્ય તપાસકર્તાને તપાસ કરવાનું અમે કહીએ છીએ.

9.11 જ્યારે પ્રતિવાદી દોષીત હોય, અને તેના અથવા તેણીના અપરાધની પ્રક્રિયાની જપ્તીની માંગ માટે તે યોગ્ય જણાતુ હોય, તો જપ્તી પ્રક્રિયાનું સમયપત્રક નક્કી કરવાનું અમે કહીએ છીએ, સિવાય કે કેસ સરળ હોય અને અપરાધીને સજા થાય તે જ સમયે જપ્તી થઇ શકે તેમ હોય.

9.12 સમયપત્રક નક્કી થઇ ગયા બાદ બને તેટલી વહેલી તકે, અપરાધીની નાણાંકીય અને મિલકત સ્થિતિની તેમની તપાસ પૂર્ણ કરવા માટે અમે પોલીસ અથવા અન્ય તપાસકર્તાને કહીએ છીએ.

9.13 જપ્તીની સુનાવણી પહેલાં, શોધવામાં આવેલ મિલકતોની સૂચિ અમે કોર્ટ અને અપરાધીને મોકલીએ છીએ જેથી તેમની માલિકી અથવા કિંમત વિશેના કોઇ વિવાદોનો નિર્ણય કોર્ટ દ્વારા કરી શકાય. અપરાધીએ કેટલી ચૂકવણી કરવી જોઇએ તેનો કોર્ટને નિર્ણય કરવાનું અમે કહીએ છીએ.

9.14 અમુક કેસોમાં જપ્તી રકમ એકત્ર કરવા માટે કોર્ટનો કર્મચારીગણ જવાબદાર હોય તેવા કિસ્સામાં, વધુ જટિલ કેસોમાં અમે આ કાર્ય કરીએ છીએ; ઉદાહરણ તરીકે રોકડ એકત્ર કરવા મિલકતનું વેચાણ કરવામાં આવેલ હોય. Receiver (રીસીવર) ની નિમણૂકનો સમાવેશ થઇ શકે છે.

9.15 અપરાધી ચૂકવણી કરવામાં વિલંબ કરે અથવા ટાળે ત્યારે કોર્ટમાંથી કેસો પરત લેવાની અમારી સત્તાનો અમે ઉપયોગ કરીએ છીએ.

# માપદંડ 10

## કોર્ટે ખોટો કાનુની નિર્ણય આપ્યો છે એવું અમને જણાય ત્યારે અમે વિચારીશું કે અપીલના અમારા હક્કોનો ઉપયોગ કરવો કે કેમ

10.1 પ્રોસીક્યુશન અપીલનો મર્યાદિત હક્ક ધરાવે છે. નીચેની પરિસ્થિતિઓમાં અમે નક્કી કરીએ છીએ કે કોર્ટ નિર્ણયોની અપીલ કરવી કે કેમ:

a) તુરંત જ, ગંભીર કેસોમાં મેજીસ્ટ્રેટે જામીનગીરી મંજુર કરેલ હોય અને Crown Court (ક્રાઉન કોર્ટ) ન્યાયધીશ દ્વારા જામીનગીરીની બાકી વિચારણા હેઠળ હોય અમારા માનવા મુજબ પ્રતિવાદીની અટકાયતમાં સોંપણી થવી જોઇએ;

b) 24 કલાકની અંદર, Chief Crown Prosecutor (ચીફ ક્રાઉન પ્રોસીક્યુટર) અથવા સંલગ્ન Headquarters Division (હેડક્વાર્ટર્સ ડિવીઝન)ના Head (હેડ) ની મંજુરીથી, પુરાવાની વિચારણાની અનુમતિ જ્યુરીને આપે તે પહેલાં ન્યાયધીશે કેસ અટકાવ્યો હોય ત્યારે, બને તેટલી વહેલી તકે Court of Appeal (કોર્ટ ઓફ અપીલ) દ્વારા કેસની પુનઃવિચારણા થઇ શકે છે; અને

c) કેસોની મર્યાદિત શ્રેણીમાં સજા બાદ ચોક્કસ સમય મર્યાદામાં સંભવિત અનુચિત સૌમ્ય તરીકે Court of Appeal (કોર્ટ ઓફ અપીલ) ને સજા સૂચન કરવા માટે Attorney General (એટર્ની જનરલ) ને અમે પૂછી શકીએ છીએ. કોઇ અમારો એ કહેવા માટે સંપર્ક કરે કે તેમના માનવા મુજબ સજા અનુચિત સૌમ્ય છે તો અમે પણ Attorney General (એટર્ની જનરલ) ને કેસનું સૂચન કરીએ છીએ, સિવાય કે તેના અથવા તેણીના Attorney General (એટર્ની જનરલ)ને પ્રત્યક્ષ ફરિયાદના અધિકારને સંલગ્ન વ્યકિતને અમે જાણ કરીએ કે અમારા માનવા મુજબ તે અનુચિત સૌમ્ય નથી. Court of Appeal (કોર્ટ ઓફ અપીલ) સમક્ષ સજાના ઉલ્લેખ માટે ભોગ બનેલ અને તેના પરિવારને તેના અથવા તેણીના Attorney General (એટર્ની જનરલ) ને પ્રત્યક્ષ પૂછવાના હક્ક વિશે જાણ કરીએ છીએ.

10.2 કોર્ટે યોગ્ય કાર્યવાહીનું પાલન કર્યું નથી, અતિશય ખોટો નિર્ણય કર્યો છે, અથવા ઉચ્ચ કોર્ટ દ્વારા નિયમની સ્પષ્ટતા કરવાની આવશ્યકતા હોય એવું અમને જણાય ત્યારે અમુક અન્ય અપીલોનો ઉપયોગ કરવો કે કેમ તેનો પણ અમે વિચાર કરીએ છીએ.

10.3 કોર્ટના નિર્ણય સામે પ્રતિવાદી અપીલ કરે ત્યારે, કોર્ટની મદદ માટે અથવા અમારા પ્રતિનિધિત્વ માટે અમે એડવોકેટની ફાળવણી કરીએ છીએ, સિવાય કે

Court of Appeal (કોર્ટ ઓફ અપીલ)ની સજાઓ હોય. અમે જઈશું જો અમને લાગે કે આમ કરવા માટે કોઇ ફરજિયાત કારણ હોય.

10.4 Court of Appeal (કોર્ટ ઓફ અપીલ) દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હોય અને અમે વિશેષ નિર્ણયની અપીલ કરવા માગતા હોય ત્યારે, અમે નક્કી કરીએ છીએ કે Supreme Court (સુપ્રીમ કોર્ટ) દ્વારા નક્કી થયેલ કિસ્સામાં સામાન્ય જાહેર મહત્વનો નિયમ છે તેવું Court of Appeal (કોર્ટ ઓફ અપીલ) ને પ્રમાણિત કરવાનું કહેવું કે કેમ. પ્રતિવાદી દ્વારા લાવવામાં આવેલ કેસો નક્કી કરવામાં મદદ માટે સુપ્રીમ કોર્ટમાં પણ અમે રજુઆત કરીએ છીએ.

10.5 કોઇ અરજીની કાર્યવાહી વિશે અમે ભોગ બનેલને જાણ કરીએ છીએ, અને તેમના પર કોર્ટના નિર્ણયની અસરની સ્પષ્ટતા કરીએ છીએ.

# માપદંડ 11

## અમારા નિર્ણયો અને અમે જે સેવા પૂરી પાડીએ છીએ તેના વિશેની ફરિયાદો પર અમે ઝડપથી અને તટસ્થ રીતે કાર્ય કરીશું

11.1 બને તેટલી વહેલી તકે અમે જે સેવાઓ આપીએ છીએ તેના માપદંડો વિશેની ફરિયાદો પર અમે કામ કરવાનો હેતુ ધરાવીએ છીએ.

11.2 જો અમે ફરિયાદનું નિરાકરણ તુરંત જ લાવી શકીએ તો અમે આમ કરીશું; જો આમ બને નહીં, તો ફરિયાદની ઔપચારીક નોંધ કરવામાં આવે છે અને બાદમાં શરૂઆતમાં સ્થાનિક સ્તરે, તબક્કાવાર કાર્ય કરાવમાં આવે છે.

11.3 બને તેટલી વધુ ઝડપે દરેક તબક્કે અમે ફરિયાદોની નોંધ કરીએ છીએ અને પહોંચ આપીએ છીએ, અને ચોક્કસ સરેરાશ સમયમર્યાદામાં, બને તેટલી વહેલી તકે સંપૂર્ણ પ્રતિભાવ આપીએ છીએ.

11.4 સંલગ્ન ઘટનાઓ થયાના 6 મહિના કરતાં વધુ સમય બાદ કરવામાં આવેલ ફરિયાદો પર અમે કાર્ય કરતા નથી સિવાય કે વિલંબના યોગ્ય કારણો હોય.

11.5 અમે સ્પષ્ટ રીતે અને નિખાલસતાથી ફરિયાદોનો જવાબ આપીએ છીએ, વિશિષ્ટ અને ટેકનીકલ ભાષા ટાળીને, તમામ મુદ્દાઓને સર્વગ્રાહી પ્રતિભાવ આપીએ છીએ. યોગ્યતા અનુસાર, અમે ભૂલ સ્વીકારીએ છીએ અને માફી માગીએ છીએ. પુનઃઘટના ટાળવા માટે લેવામાં આવેલ કોઇ પગલાં અને ધ્યાનમાં આવેલ કોઇ બાબતોની અમે રૂપરેખા પણ તૈયાર કરીએ છીએ.

11.6 પોલીસ અથવા કોર્ટ જેવી, અન્ય એજન્સી બાબતે ફરિયાદીએ વાંધાઓ ઉઠાવ્યાં હોય ત્યારે, અમે સંલગ્ન એજન્સી સાથે અમારા પ્રત્યુતર માટે સહમત થવાનો પ્રયાસ કરીએ છીએ, અથવા સંલગ્ન બાબતે તેઓ પ્રત્યક્ષ જવાબ આપશે તેમ તેમની સાથે સંમતિ સાધીએ છીએ અને ફરિયાદીને કોણ જવાબ આપશે તે કહીએ છીએ.

# માપદંડ 12

## અમે સમાજની સાથે ગૂંથાઈ જઈશું જેથી અમે નિર્ણયો લઈએ ત્યારે તેમના મુદ્દાઓ વિશે અમે સભાન રહીએ

12.1 અમારા સ્થાનિક સમાજો પ્રત્યે અમારી ભૂમિકા અમે સ્પષ્ટ કરીએ છીએ અને સામાજિક સમૂહો અને પેનલો મારફતે અમારી કઇ અગ્રતાઓ છે તેના વિશે તેમની સાથે ચર્ચા કરીએ છીએ.

12.2 અમારી નિર્ણય-પ્રક્રિયા અને કેસ સંચાલનની અમારી પ્રક્રિયાઓની સ્થાનિક સમાજોના સંભવિત અભિપ્રાયની જાણ માટે સમૂહો અને તપાસ પેનલો[21] સૂચનો પૂરાં પાડે છે.

12.3 અમારા કેસોનું અમે કેવી રીતે સંચાલન કરીએ છીએ તેની સમીક્ષાના સૂચનનો અમે ઉપયોગ કરીએ છીએ.

12.4 ગેર-સામાજિક વર્તણૂક જેવી, પાડોશ અથવા સમાજમાં ઉદ્ભવતી સમસ્યાઓની પ્રતિક્રિયા કરવા અમે પોલીસ અને સ્થાનિક સત્તા સાથે કાર્ય કરીએ છીએ.

આ એક જાહેર દસ્તાવેજ છે.

આ દસ્તાવેજની વધુ નકલો અને વૈકલ્પિક ભાષાઓ અને ઉપલબ્ધ અન્ય સ્વરૂપો વિશે માહિતી આ સરનામાં પરથી ઉપલબ્ધ છે:

**CPS Communication Division**
**Rose Court**
**2 Southwark Bridge**
**London SE1 9HS**
ઇમેઇલ: publicity.branch@cps.gsi.gov.uk

**Crown Prosecution Service** (ક્રાઉન પ્રોસીક્યુશન સર્વિસ) વિશે વધુ માહિતી માટે, અને આ દસ્તાવેજની ઇલેક્ટ્રોનીક નકલ ડાઉનલોડ કરવા અથવા જોવા માટે, કૃપા કરી અમારી આ વેબસાઇટની મુલાકાત લો:

**www.cps.gov.uk**

© ક્રાઉન કોપીરાઇટ **2010**

બ્લેકબર્ન્સ ઓફ બોલ્ટન દ્વારા મૂદ્રિત